
Vibrant GUJARAT 2024
નિર્મળ ગુજરાત 2.0
સ્વચ્છ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત
મારો કચરો, મારી જવાબદારી
સ્વચ્છ ગુજરાત થકી કરીએ સમૃદ્ધિની તૈયારી
સૂકો કચરો
ભીનો કચરો
આવો... સાથે મળી નિર્મળ ગુજરાતનું સપનું સાકાર કરીએ...
સૂકા અને ભીના કચરાનું વર્ગીકરણ કરીએ
સ્વચ્છ ભારત મિશન,અર્બન - ગુજરાત
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
@sbmugujarat @swachhgujaratofficial @SwachhGujarat @sbmugujarat

**આજનો સુવિચાર**

જીવનનો સૌથી મોટો આનંદ એ છે કે લોકો કહે છે કે તમે કરી શકતા નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૨ જૂનાગઢ તા.૨૮-૧૨-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 12, Junagadh : Date : 28 December, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# બિહારમાં રાજકીય ભુકંપ : રાષ્ટ્રપતિ શાસનનાં ભણકારા

## સત્તારૂઢ ગઠબંધનમાં ભાગીદાર પક્ષ જેડીયુમાં આંતરીક લડાઈ ફાટી નીકળી : મહત્વની બેઠક યોજાઈ



પટણા, તા.૨૮

બિહારમાં સત્તારૂઢ ગઠબંધનમાં ભાગીદાર પક્ષ જનતા દળ યુનાઈટેડ (જેડીયુ)માં આંતરિક લડાઈ ફાટી નીકળી છે હવે સુત્રોના હવાલાથી અહેવાલ મળે છે કે મુખ્યમંત્રી નીતિશકુમાર આર યા પારના મુડમાં છે અને તેઓ મંત્રી પરિષદને ભંગ પણ કરી શકે છે સાથોસાથ બિહારમાં રાષ્ટ્રપતિ શાસનની પણ ભલામણ કરી શકે છે. આવતીકાલે દિલ્હીમાં જેડીયુની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે જેને ઘણી મહત્વની ગણવામાં આવે છે.

બિહારથી લઈને દિલ્હી સુધી રાજકીય ગરમાવો છે. જેડીયુ તુટી પડવાની અફવા છે. સૂત્રોનું માનીએ તો પટનામાં જેડીયુના ૧૧ ધારાસભ્યોની એક ગુપ્ત બેઠક યોજાઈ હતી, જેના વિશે નીતિશ કુમારને પણ ખબર પડી હતી. આ બેઠકમાં પાર્ટીના એક વરિષ્ઠ મંત્રીએ પણ હાજરી આપી હતી. દરમિયાન, મુખ્યમંત્રી નીતિશ કુમાર દિલ્હી આવવાના છે. અહીં તેઓ પાર્ટીના મોટા નેતાઓને મળી શકે છે. બધાની નજર તેના આગલા પગલા પર છે. આ પછી ઘણા સવાલો ઉઠી રહ્યા છે કે નીતીશ કુમાર કઈ જાહેરાત કરવા જઈ રહ્યા છે અને તેનાથી વિપક્ષી ગઠબંધનમાં મોટો ભડકો થશે કે પછી બિહારના રાજકીય સમીકરણને બદલી શકશે

નીતીશ કુમારની કાર્યશૈલી પર નજર કરીએ તો જ્યારે પણ પાર્ટીના નેતાઓ કોઈ અન્ય પાર્ટી તરફ ઝુકાવવાના અહેવાલો આવ્યા હતા, ત્યારે નીતિશ કુમારે તે નેતાની ટીકા કરી હતી. જ્યારે પાર્ટીમાં આરસીપી સિંહની ભાજપ સાથેની મિલીભગતના આરોપો લાગ્યા ત્યારે નીતીશ કુમારે તેમને તરત જ પાર્ટીમાંથી હાંકી કાઢયા. હવે લાલન સિંહ આરજેડી પ્રત્યે વધુ સહાનુભૂતિ ધરાવતા હોવાની પાર્ટીની અંદર અને બહાર ચર્ચાઓ થઈ રહી છે. આવી સથિતિમાં લાલન સિંહને હટાવવાનો નિર્ણય લેવાય તેવી ચર્ચા છે.

દિલ્હીની બેઠકમાં લાલન સિંહનું શું થશે તે આગામી કલાકોમાં સ્પષ્ટ થઈ જશે. કારણ કે, તેમને પાર્ટી અધ્યક્ષ પદ પરથી હટાવવાની જોરદાર અફવાઓ ચાલી રહી છે. જોકે, JDU સાથે જોડાયેલા કેટલાક નેતાઓનું કહેવું છે કે પાર્ટીના બંધારણમાં અધ્યક્ષને હટાવવા અથવા રાજીનામું આપવાની પ્રક્રિયા છે. પાર્ટી અધ્યક્ષ નીતિશ કુમારને પત્ર દ્વારા રાજીનામું આપી શકે છે, પરંતુ નિર્ણય સંગઠનની કાર્યકારિણીએ લેવાનો રહેશે. એ જ રીતે પક્ષની રાષ્ટ્રીય કાર્ય સમિતિને પ્રમુખને હટાવવાનો નિર્ણય લેવાનો અધિકાર છે. તેથી કેટલાક લોકો ૧૧ ધારાસભ્યોની ગુપ્ત બેઠક બાદ બોલાવવામાં આવેલી બેઠકને લાલન સિંહની રજા સાથે જોડી રહ્યા છે. જોકે, JDU દાવો કરી રહી છે કે બધુ બરાબર છે.

## વિશ્વનાં સૌથી ધનિક એલન મસ્કે કલાકનાં ૧૦૦ કરોડ અને અંબાણીએ ૮.૮૦ કરોડ કમાયા

નવી દિલ્હી,તા.૨૮:

વિશ્વના સૌથી ધનિક વ્યકતિ એલોન મસ્કે આ વર્ષે અત્યાર સુધીમાં ૧૦૧ બિલિયન ડોલરની કમાણી કરી છે. મસ્કની નેટવર્થ હવે ઈ૨૩૮ બિલિયન સુધી પહોંચી ગઈ છે. આ વર્ષે અત્યાર સુધીમાં મસ્કએ ૩૬૧ દિવસમાં ૮,૪૧,૧૧,૪૩,૬૫૦ રૂપિયાની કમાણી કરી છે. તેની કલાકદીઠ કમાણી ભારતીય રૂપિયામાં લગભગ ૧૦૦ કરોડ રૂપિયા છે. બીજી તરફ, એશિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણી દર કલાકે તેમની સંપત્તિમાં રૂા. ૮,૮૦ કરોડ ઉમેરે છે. એલન મસ્કની સંપત્તિમાં દર મિનિટે ૧,૬૧,૭૮,૫૭૪.૧૭ રૂપિયાનો વધારો થયો: બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, એલોન મસ્કની કુલ સંપત્તિ હવે ૨૩૯ બિલિયન ડોલર છે. આ વર્ષે જ ૧૦૧ અબજ ડોલરનો વધારો થયો છે. જો આપણે તેને ૮૩.૨૭ રૂપિયા પ્રતિ ડોલરના દરે જોઈએ તો આ રકમ રૂા. ૮૪,૧૦,૨૭,૦૦,૦૦,૦૦૦ કરોડ છે. જો આપણે તેને ૩૬૧ વડે ભાગીએ તો આ રકમ રૂા.૨૩,૨૯,૭૧,૪૬,૮૧૪ થશે.

## મધ્યપ્રદેશમાં ભયંકર અકસ્માત બાદ ખાનગી બસ સળગી જતાં ૧૩ મુસાફરો જીવતા ભુંજાયા

ભોપાલ, તા. ૨૮

મધ્યપ્રદેશના ગુના નજીક ભીષણ અકસ્માત બાદ ખાનગી બસમાં આગ ફાટી નીકળતા ૧૩ પ્રવાસીઓ જીવતા ભડથુ થઈ ગયા હતા અને અન્ય ૧૭ ઘાયલ થયા હતા. ભાજપના નેતાની માલીકીની સિકરવાર ટ્રાવેલ્સની બસ ડમ્પર સાથે અથડાયા બાદ ઉંધી વળી ગઈ હતી અને આગમાં લપેટાઈ ગઈ હતી.

અકસ્માત એટલો ભયાનક હતો અને આગ એટલી ભયંકર હતી કે બસમાંથી લોકો બહાર પણ નીકળી શકયા ન હતા. ૧૩માંથી ૭ લોકોના મૃતદેહો એકબીજા સાથે ચોંટી ગયા હતા. ચહેરા-આખા શરીર સળગી ગયા હોવાથી મુસાફરોની ઓળખ પણ મુશ્કેલ બની હતી.

કલેકટર અને એસપી ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ મૃતકોને ૪ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી હતી. ગુનામાં ડમ્પર અને બસ વચ્ચેની ટક્કર બાદ આ અકસ્માત થયો હતો. શરૂઆતમાં ૭ લોકોના મોતના સમાચાર હતા, પરંતુ ધીરે ધીરે મૃતકોની સંખ્યા વધતી ગઈ. કલેકટરે કહ્યું કે, ૧૭ ઘાયલ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, અને તેઓ સુરક્ષિત છે.

અકસ્માત કેવી રીતે થયો તે અંગે જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે, ડમ્પર સાથે અથડાયા બાદ બસ પલટી ખાઈને રોડની નીચે પડી ગઈ હતી અને તરત જ આગ લાગી ગઈ હતી. આગ એટલી ભયંકર હતી કે ઘણા મુસાફરો તેનો શિકાર બન્યા હતા અને બળીને ખાખ થઈ ગયા હતા. અકસ્માતમાં ઘાયલ ૧૭ લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જેમની ત્યાં સારવાર ચાલી રહી છે.ઘણા મૃતદેહો ખરાબ રીતે દાઝી ગયા છે, અને તેમના ચહેરા જોઈને તેમની ઓળખ કરવી શક્ય નથી.

## સિહોરની ફેકટરીમાં બ્લાસ્ટ થતાં બે મજુર ભડથું



ભાવનગર તા.૨૮

ભાવનગર નજીક સિહોરમાં આવેલ રોલિંગ મિલની ફેકટરીમાં બ્લાસ્ટ થતા ગંભીર રીતે દાઝી જવાથી એક મજુરનું સ્થળ પર જ મૃત્યુ નિપજયું હતું અને બીજા મજુરનું સારવારમાં મોત થતા આ દુર્ઘટનામાં બે શ્રમજીવીના મોત થયા છે. જયારે ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાયેલ છે. ઈજાગ્રસ્તો પૈકી બેની સ્થિતિ ગંભીર ગણાવાઈ રહી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરના સિહોરમાં આવેલ જીઆઈડીસીમાં આવેલ એમ.ડી. રૂદ્રા નામની ફેકટરીમાં અગમ્ય કારણોસર બ્લાસ્ટ થયો હતો. આ બનાવમાં સ્થળ પર જ પરપ્રાંતના રતિરામ રામદુલારે નામના મજુરનું મૃત્યુ થયું હતું. જયારે ત્યાં કામ કરી રહેલા ચાર મજૂરોને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયેલ હતા. ત્યાં પણ સારવારમાં બીજા મજુરનું મૃત્યુ નિપજયાના અહેવાલ મળ્યા હતા.

બનાવની જાણ થતા જ ફાયર બ્રિગેડનો સ્ટાફ ઘટના સ્તરે દોડી ગયો હતો. ઈજા પામેલા મજૂરો રાજુભાઈ ચૌહાણ, રાજ કિશોર, તુલસીરામ ચૌહાણ અને પરસોતમભાઈ ચૌહાણ તમામ મજૂરોને સારવાર માટે ભાવનગરની સર.ટી. હોસ્પિટલ લાવવામાં આવ્યા હોવાનુ જાણવા મળેલ છે.

## ગુજરાત વિધાનસભાનું બજેટસત્ર તા. ૧ ફેબ્રુઆરીથી શરૂ થશે

ગાંધીનગર તા. ૨૮ ગુજરાત સરકારનું બજેટ સત્ર ૧ ફેબ્રુઆરીએ શરૂ થશે જે ૭ માર્ચ સુધી ચાલશે. ઉલ્લેખનિય છે કે ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીને કારણે આ વખતે બજેટ સત્ર વહેલું શરૂ થશે અને વોટ એન એકાઉન્ટના બદલે પૂર્ણ કક્ષાનું બજેટ રજૂ થશે જ્યારે બજેટ સત્ર દરમિયાન દસ દિવસ રજા ના રહેશે અને ૨૬ દિવસ કામકાજના રહેશે.

## રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ટોચની સેલિબ્રીટી ખાસ ઉપસ્થિત રહેશે

અયોધ્યા તા. ૨૮ : અયોધ્યાનાં ભગવાન રામનાં મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં દેશની વિવિધ ક્ષેત્રની સેલિબ્રિટીઓ સહિત રાજકીય પક્ષ-વિપક્ષનાં નેતાઓને પણ આમંત્રણ અપાયું છે. કેટલાંક વિપક્ષ નેતાઓએ ધાર્મિક કાર્યક્રમનાં રાજનીતિકરણનાં કારણે આમંત્રણ ઠુકાવ્યું છે જેને લઈને રાજકારણ ગરમાયું છે. રામ મંદિર ટ્રસ્ટનાં મહાસચીવ ચંપતરાયે જણાવ્યું છે કે પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ માટે ૪૦૦૦ સંતો અને ૨૨૦૦ અન્ય મહેમાનોને આમંત્રીત કરાયા છે. ક્રિકેટરોમાં સચીન તેંડુલકર, વિરાટ કોહલી, રોહીત શર્મા, વગેરેને આમંત્રીત કરાયા છે. જાણીતા ઉદ્યોગપતિઓમાં મૂકેશ અંબાણી, અનિલ અંબાણી, ગૌતમ અદાણી, રતન તાતા, સહીતનાને નિમંત્રણ અપાયું છે.ચિત્રકાર વાસુદેવ કામત, ઈસરોનાં ડીરેકટર નિલેશ દેસાઈ સહીતની હસ્તીઓને નિમંત્રીત કરાયા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**ડો. નિલેશ જે. મારકણા**

એમ.એસ. (ગાયનેક)

વુમન કેર હોસ્પિટલ

● મેટરનીટી હોમ ● લેપ્રોસ્કોપીક
● સોનોગ્રાફી ● ફર્ટીલીટી સેન્ટર

બાલાજી એવન્યુ, પહેલો માળ, મોતીબાગ પાસે, ડો. પાનસુરીયાની સામે, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૭૫૦૭૭
મો. +૯૧ - ૮૪૬૯૭ ૭૧૦૫૧

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

જૂનાગઢ બાયપાસ રોડ ઉપર
ઓપન રેસીડેન્સીયલ પ્લોટ્સ
આધુનિક સુવિધાઓ સાથે

વ્યાજબી ભાવ
સરળ હપ્તા
ઓછી કિંમતમાં ઘણું બધું, તો આજે જ બુક કરાવો



: સાઈટ :
જૂનાગઢ બાયપાસ રોડ, એકલવ્ય ગ્લોબલ સ્કુલ સામે, સરગવાડા ચોકડી, જૂનાગઢ
બુકીંગ : ૯૮૨૫૩ ૩૩૩૭૦
૯૯૧૩૩ ૯૫૨૦૦

The Dream City

: ડેવલોપર્સ :
મધુરમ કન્સ્ટ્રકશન કંુ.
૪થો માળ, ધી ગાર્ડન આઈકોન, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...



**વર્ષા**
ઈન્ડસ્ટ્રીઝ એન્ડ પ્રા.લી.

મહાસાગર પેટ્રોલ પંપ સામે, રાજકોટ હાઈવે રોડ, સુખપુર - ૩૬૨ ૩૧૦
જી. જૂનાગઢ (ગુજરાત)
ફોન : ૦૨૮૫-૨૬૬૦૦૮૮
(૦૨૮૫) - ૨૬૬૦૦૯૯

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ

Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912

GIR KESARI
Premium Quality

દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ

KHODIYAR
MINI OIL MIL

જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે

હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.



એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

# લોકકલ્યાણના સમણાને સાકાર કરવાનો સરકારનો સંકલ્પ એટલે વિકસિત ભારત સંકલ્પ યાત્રા

## જૂનાગઢનાં બગડુ ગામે ગ્રામજનોએ વડાપ્રધાનના સંવાદને વર્ચુઅલ માધ્યમથી નિહાળ્યો





જૂનાગઢ, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમા તા.૧૫મી નવેમ્બર 'જનજાતીય ગૌરવ દિવસ'થી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે જૂનાગઢ જિલ્લામાં લોકસેવાનું મહત્વનું માધ્યમ બની રહી છે. જે અંતર્ગત જૂનાગઢ તાલુકાનાં બગડુ અને માળીયા હાટીના તાલુકાનાં બુધેચા ગામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંવાદને લાભાર્થીઓએ વર્ચુઅલ માધ્યમથી નિહાળ્યો હતો. વિકસિત ભારત સંકલ્પ યાત્રા બગડુ ગામે પહોંચતા ગામનાં સરપંચ શારદાબેન વેકરીયા તથા તાલુકા પંચાયતનાં સદસ્ય મહેન્દ્રભાઈ ડોબરીયા, જિલ્લા સમાહર્તા અનિલકુમાર રાણાવાસીયા ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનોએ ઉત્સાહભેર કુંમકુમના તિલક કરી રથનું સ્વાગત કર્યું હતું.

આ કાર્યક્રમમાં સરપંચશ્રી શારદાબેન વેકરીયા તથા તાલુકા પંચાયતનાં સદસ્ય મહેન્દ્રભાઈ ડોબરીયા, જિલ્લા સમાહર્તા અનિલકુમાર રાણાવાસીયા ઉપસ્થિત મહાનુભાવોએ લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરી નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓના લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો. તે સાથે ૧૦૦ ટકા જલ જીવન મિશન સંતૃપ્તિ થયે કલેકટરના હસ્તે પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યો હતો. કેન્દ્ર અને રાજ્ય સરકારની લોકકલ્યાણની યોજનાઓનો લાભ અંતિમ વ્યકિત સુધી પહોંચાડવાના હેતુથી આયોજિત કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો સહભાગી થયા હતા.

આ કાર્યક્રમમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, લીડબેંકનાં ગણપત રાઠવા, નાબાર્ડનાં કિરણ રાઉત, સંકલીત બાળ વિકાસ યોજના અધિકારી દુધીબેન પટોળીયા, અગ્રણીઓ રામજીભાઈ ડોબરીયા, રામજીભાઈ રાબડીયા સહિત ગ્રામજનો, હોદેદારો સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો તથા ગ્રામજનો વિકસિત ભારત માટેના શપથ લીધા હતા. આ કાર્યક્રમ અન્વયે મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત લાભાર્થીઓએ યોજનાકીય લાભથી જીવનમાં આવેલ આમૂલ પરિવર્તનના અનુભવોને ગ્રામજનો સમક્ષ રજુ કર્યા હતા. બગડુગામનાં ભુરાભાઈનામનાં સદગૃહસ્થે જણાવ્યુ હતુ કે મારા પગમાં અકસ્માતે અસ્થિજન્ય તૃટીઊભી થતાં મારે ઓપરેશન કરાવવાની નોબતઆવી પરંતુ મારા માટે આયુષમાકાર્ડ આશિર્વાદરૂપ બનતા ઓપરેશનનો સઘળો ખર્ચ સરકારશ્રી દ્વારા પુરાંત થતાં મારા પરીવાર પર અકસ્માતે આવી પડેલખર્ચની આફત નિવારી શકાઈ છે. આયુષ્માન ભારત યોજના ગરીબ પરિવાર માટે સુરક્ષા કવચ છે

જિલ્લા કલેકટર અનિલકુમારે ગ્રામજનો સાથે સંવાદ સાધી વાત ચિત દરમ્યાન જણાવવ્યુ હતુ કે આયુષ્માન કાર્ડસહિત કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેકવિધ પ્રજાલક્ષી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. 'ધરતી કરે પુકાર કે' થીમ અંતર્ગત ગ્રામજનોએ પરંપરાગત પ્રકૃતિક ખેતપધ્ધતિ અપનાવી કૃષિ કાર્ય દ્વારા ઉત્પાદકતા વધવા સાથે આર્થિક ઉન્મુલન અંગે પ્રેરક સંદેશો નુક્કડ નાટકના માધ્યમથી નિહાળ્યું હતું. આ તકે ગ્રામજનોએ કાર્યક્રમના સ્થળે ઉભા કરાયેલા આરોગ્ય અને આઈસીડીએસ વિભાગ દ્વારા ઊભા કરાયેલા સ્ટોલ્સની મુલાકાત લઈને લાભાન્વિત થયા હતાં.

# સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ભેંસાણ તાલુકાની SMC- SMDCના સભ્યોને તાલીમ આપવામાં આવી



જૂનાગઢ, તા.૨૮

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ચાલુ શૈક્ષણિક વર્ષમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ. એમ.સી.)ના સભ્યો તથા શાળા - સંચાલન અને વિકાસ સમિતિ (એસ.એમ.ડી.સી.)ના સભ્યો - માટે રાજ્ય કક્ષાની એક દિવસીય બાયસેગ વંદે ગુજરાત - ચેનલ નં ૫ અને યૂટ્યૂબ ચેનલ GujratEclass ના માધ્યમથી યોજાવામાં આવી હતી.

જેમાં એસ.એમ.સી. અને એસ.એમ.ડી.સી.ના કાર્યો અને ફરજો, શાળા વિકાસ યોજના, શૈક્ષણિક ગુણવતા સુધારણા માટે અમલીકૃત કાર્યક્રમ, માળખાકીય સુવિધાઓ, ડિજિટલ સુવિધાઓ, દિવ્યાંગ બાળકોનું શિક્ષણ, કન્યા શિક્ષણ અને શાળા આપત્તિ અને વ્યવસ્થાપન અંગે તાલીમ અપાવામા આવી હતી. વોકેશનલ એજ્યુકેશન અને શાળા બહારના બાળકો જેવા વિષયો પર વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

# વિસાવદર તાલુકાના ભલગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મહિલાઓ માટે ચિકિત્સા શિબિર યોજાઈ




જૂનાગઢ, તા.૨૮

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા ભલગામ ખાતે સગર્ભા માતાની તપાસ નિદાન તથા સારવાર માટેના મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્ત્રી રોગ નિષ્ણાંત ડોક્ટર ધૃતિબેન બસીયા દ્વારા દરેક સગર્ભા બહેનોની તપાસ કરવામાં આવી હતી. જેમાં ભલગામ તથા આજુબાજુ ગામોના કુલ ૩૭ સગર્ભા બેહેનોની તદ્દન મફત સારવાર કરવામાં આવી હતી. તથા તેમાંથી છ જેટલી જોખમી સગર્ભા બહેનોને આયર્ન સુક્રોઝ ના ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. તેમજ પૌષ્ટિક આહાર આપી તે વિશે માહિતી આપવામાં આવી હતી. ભલગામ ના મહીલા સરપંચ જ્યોત્સનાબેન ગીરીશભાઈ ગોધાણીની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમને દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કેમ્પ દરમ્યાન લોહી, યુરીનના રિપોર્ટ જે બહાર ખર્ચ કરીને થતો હોય તેવા રિપોર્ટ ફ્રી કરી આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સફળ બનાવવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.ચેતનાબેન મહેતા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફે પરિવારે જહેમત ઉઠાવી હતી.

# ટાટા કેમિકલ્સ દ્વારા ૨૩મી ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથોન યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

મીઠાપુર, તા.૨૮

ટાટા કેમિકલ્સ લિમિટેડે મીઠાપુરમાં સ્થાનિક સમુદાયમાં આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવાનાં હેતુથી ૨૩મી ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં ૨૧ કિલોમીટરની હાફ મેરેથોન, ૧૦ કિલોમીટર રન અને ૫ કિલોમીટરની ફન રન રાખવામાં આવી હતી. કુલ ૮૫ સહભાગીઓમાંથી ૪૩ ટાટા કેમિકલ્સનાં કર્મચારીઓ હતા. ૧૦ કિલોમીટરની રનમાં ૨૦૧ સહભાગીઓ હતા, જેમાં ૧૦૦ ટાટા કેમિકલ્સનાં કર્મચારીઓ હતા તથા અન્ય સ્થાનિક સમુદાયમાંથી હતા.

હાફ મેરેથોનને એન. કામથ તથા ટાટા કેમિકલ્સનાં પૂર્વ કર્મચારીએ ફ્લેગ ઓફ કરી હતી. પ્રવિણ કશ્યપને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વધુમાં, દિલીપસિંહ જાડેજા અને રામદેવસિંહ વાઢેર એ અનુક્રમે રનર-અપ અને સેકન્ડ રનર-અપનું સ્થાન મેળવ્યું હતું. કંપનીએ દરેક સહભાગીને પ્રોત્સાહન આપવા માટે પ્રમાણપત્રો રજૂ કર્યા હતા.

આ ઈવેન્ટ વિષે વાત કરતા ટાટા કેમિકલ્સનાં ચીફ મેન્યુફેકચરીંગ ઓફિસર એન. કામથે કહ્યું હતું કે, "ટાટા કેમિકલ્સ ખાતે, અમારા સમુદાય અને કર્મચારીઓ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અમારી વાર્ષિક હાફ મેરેથોનમાં ઉજાગર થાય છે. આ મીઠાપુર ખાતે અગાઉનાં પ્લાન્ટ હેડ સ્વર્ગસ્થ શ્રી પ્રભાકર માટે શ્રદ્ધાંજલિ સ્વરૂપ છે. પ્લાન્ટ અને સમુદાય બંનેને આકાર આપવા માટે સમર્પિત ૨૫ વર્ષ સાથે, શ્રી પ્રભાકરનો વારસો મેરેથોનમાં જીવંત છે અને દરેક સહભાગીઓની ભાવનામાં જોવા મળે છે. અમે તમામ હિતધારકોનો જોમ અને સુખાકારીની આ વાર્ષિક ઉજવણીમાં તેમના યોગદાન માટે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ કારણ કે અમને દર વર્ષે અભૂતપુર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. તમામ વિજેતાઓને અભિનંદન."

આ વાર્ષિક મેરેથોનની શરૂઆત ટાટા કેમિકલ્સ દ્વારા ૧૯૯૫માં મીઠાપુર પ્લાન્ટના હેડ તરીકે સ્વર્ગસ્થ પ્રભાકરનાં વારસાને આગળ ધપાવવા માટે કરવામાં આવી હતી. તંદુરસ્તીને લગતા ફાયદાઓ ઉપરાંત, આ વાર્ષિક ઈવેન્ટ અમારા સમુદાયમાં મિત્રતાની મજબૂત ભાવનાને પ્રોત્સાહન આપવા માટે કંપનીની પ્રતિબદ્ધતાનું પ્રમાણ છે.

# અદાણી એનર્જી સોલ્યુશન્સ 7 GW રિન્યુએબલ એનર્જી ઈવેક્યુએશન ટ્રાન્સમિશન નેટવર્ક નિર્માણ કરશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૮

વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોનો એક ભાગ અને ભારતની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન અને વિતરણ કંપની અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. (AESL) એ આજે જણાવ્યું હતું કે તેને ઁહ્લઝ્રઝ્ર કન્સલ્ટિંગ લિ. (PFCCL) પાસેથી હલવડ ટ્રાન્સમિશન લિમિટેડના સંપાદન માટેનો ઈરાદાપત્ર (LoI) પ્રાપ્ત થયો છે. ખાવડાના રીન્યુએબલ એનર્જી પાર્કમાંથી ૭ ગિગાવોટ રીન્યુએબલ એનર્જી PFCCL દ્વારા ખાવડા RE પાર્કમાંથી 7 GW રિન્યુએબલ એનર્જી (RE) બહાર કાઢવા માટે ખાસ ઉદ્દેશથી સ્થાપવામાં આવેલ SPV હલવડ ટ્રાન્સમિશન લિ.ને એ ટેરિફ-આધારિત સ્પર્ધાત્મક બિડિંગ (TBCB) પ્રક્રિયા દ્વારા અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.એ હસ્તગત કર્યું છે અને તે ૨૪ મહિનામાં BOOM (બિલ્ડ, ઓન ઓપરેટ અને મેન્ટેન) ધોરણે શરૂ કરશે.

ગુજરાતના ખાવડા ખાતે વિશ્વનો સૌથી મોટો ૩૦,૦૦૦ મેગાવોટની ગ્રીન એનર્જીની ઉત્પાદન ક્ષમતા ધરાવતો રીન્યુએબલ એનર્જી પાર્ક બની રહ્યો છે. રાષ્ટ્રીય ગ્રીડનો એક ભાગ એવી હળવદ ટ્રાન્સમિશન લાઇન ગુજરાતમાં પણ ખાવડા સાથે હળવદને જોડીને ૭ ગિગાવોટ રીન્યુએબલ એનર્જી બહાર કાઢવામાં મદદ કરશે.

અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.૩૫ વર્ષના સમયગાળા માટે ૩૦૧ કિમી (૬૫૬ કીટ કી.મી.) થી વધુ ટ્રાન્સમિશન પ્રોજેક્ટના નિર્માણ, માલિકી, સંચાલન અને જાળવણી માટે આશરે રૂ. ૩,૦૦૦ કરોડનું રોકાણ કરશે. આ પ્રોજેક્ટમાં ૨૮૩૩૦ MVAr બસ રિએક્ટર સાથે ૭૬૫ kV હળવદ સ્વિચિંગ સ્ટેશન અને હળવદ ખાતે લાકડિયા-અમદાવાદ ૭૬૫ kV D/c લાઈનની લાઈન-ઈન અને લાઈન-આઉટનો સમાવેશ થાય છે. અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.ના મેનેજિંગ ડિરેક્ટર અનિલ સરદાનાએ જણાવ્યું હતું કે, કંપની સરકાર અને રિન્યુએબલ એનર્જીના ડેવલપર્સ સાથે ભાગીદારી કરવા સંકલ્પબદ્ધ છે જેથી ઉત્પાદન કરતા પ્રદેશોમાંથી રિન્યુએબલ એનર્જીનો કાર્યક્ષમ રીતે નિકાલ કરવામાં આવે. ૭ ગિગાવોટનો આ પ્રોજેક્ટ ગ્રાહકોને વધારાની રિન્યુએબલ એનર્જી ઉપલબ્ધ કરાવવામાં મહત્વનો ભાગ બનવા સાથે આગળ વધશે. તેમણે કહ્યું કે કંપની ઓછામાં ઓછી પર્યાવરણીય અસર સાથે આ પ્રોજેક્ટને શરૂ કરવા માટે નવીનતમ તકનીકનો ઉપયોગ કરશે. આ પ્રોજેક્ટ હાંસલ થવાના પરિણામે અદાણી એનઃજી સોલ્યુશન્સ લિ.ની બજારના ટોચના એક અગ્રણી તરીકેની સ્થિતિ મજબૂત થઈ છે અને તેનું ઈન્સ્ટોલ કરેલ અને અંડર-કમિશનિંગ નેટવર્ક ૨૦,૫૧૮ સરકીટ કી.મી. અને ૫૩,૧૬૧ MVA ટ્રાન્સફોર્મેશન ક્ષમતા સુધી પહોંચી ગયું છે.

# સ્માર્ટ મીટરની કામગીરી ઝડપી બનાવવા માટે અદાણી એનર્જીસોલ્યુશન્સ લિ.એIHC સમર્થિત ઈસ્યાસોફ્ટ (Esyasoft) સાથે સંયુક્ત સાહસ સ્થાપ્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૮

ભારતની અગ્રણી ખાનગી ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન કંપની અને વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોના એક અંગ અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. (AESL)એ આજે જણાવ્યું હતું કે તેણે ઉએ સ્થિત એસ્યાસોફ્ટ હોલ્ડીંગ્સ (Esyasoft) સાથે ૪૯:૫૧ના હિસ્સા સાથેના સંયુક્ત સાહસની રચના કરીને ભારત અને અન્ય દેશોમાં સ્માર્ટ મીટરિંગ પ્રોજેક્ટ્સ લાગુ કરવા માટેના વ્યવસાયને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની અદાણી ટ્રાન્સમિશન સ્ટેપ-ફોર લિમિટેડ દ્વારા અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. (AESL) એ Esyasoft Holdings Ltd.ના સ્માર્ટ મીટરિંગ સોલ્યુશન્સ આર્મમાં ૪૯% હિસ્સો હસ્તગત કર્યો છે અને આ કંપનીનું નામ બદલીને અદાણી એસ્યાસોફ્ટ સ્માર્ટ સોલ્યુશન્સ લિમિટેડ રાખવામાં આવ્યું છે.

IHC તેની પેટાકંપની સિરિયસ ઈન્ટરનેશનલ હોલ્ડિંગ્સ દ્વારા ઈજઅટ્ઠર્જકંમાં મુખ્ય શેરધારક હોવાથી આ વ્યવહાર અદાણી અને અબુ ધાબીની ઈન્ટરનેશનલ હોલ્ડિંગ કંપની (IHC) વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવે છે. AESLની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતો પૂરી કરવા ઉપરાંત આ સંયુક્ત સાહસ ભારતીય અને વૈશ્વિક ઓર્ડર માટે બિડ કરી તેનો અમલ પણકરશે.તે ભારત, યુએઈ, યુ.કે.અને KSAમાં ફેલાયેલા લગભગ ૧૦૦ નિષ્ણાતો મારફત મુખ્યત્વે ભારતીય ડિસ્કોમ, સ્કોટિશ ગેસ અને UAE-આધારિત યુટિલિટી જેમ કે FEWA, DEWA, SEWA અને ADDC ને સેવા આપે છે. ક્લાઉડ અને IoT-આધારિત એનર્જી મેનેજમેન્ટ સોલ્યુશન્સના પ્રદાતા Esyasoftની પ્રોડક્ટ્સ એનર્જી ઓટોમેશન સેક્ટરને સેવા પૂરી પાડે છે. તેની પાસે આઈપી (બૌદ્ધિક સંપદા)નો સમૃદ્ધ ભંડાર છે અને તે મીટર ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ, હેડએન્ડ સિસ્ટમ, પીક લોડ મેનેજમેન્ટ, એનર્જી ઓડિટ, મીટરિંગ, બિલિંગ અને કલેકશન, મોબિલિટી સોલ્યુશન્સ, લોડ ફોરકાસ્ટિંગમાં મોટા ડેટા એનાલિટિક્સ સહિત સ્માર્ટ યુટિલિટીઝ માટે સોલ્યુશન્સ ઓફર કરે છે. દ્વકંપનીના મુખ્ય કારોબારી અધિકારી કંદર્પ પટેલે જણાવ્યું હતું કે અમારા સ્માર્ટ મીટરિંગ બિઝનેસના નિર્વિઘ્ન રાષ્ટ્રીય અમલ માટે કંપની નિર્ણાયક અને સંકલિત ઉકેલો પ્રદાન કરવા માટે વિશિષ્ટ સંયુક્ત સાહસ બનાવવા માટે Esyasoft સાથે ભાગીદારી કરવાનો ખૂબ આનંદ છે. સ્થાનિક સ્તરે અમને મજબૂત અમલીકરણની ધાર આપવા ઉપરાંત, આ સાહસ આંતરરાષ્ટ્રીય ભૌગોલિક ક્ષેત્રોમાંનવા દરવાજા ખોલશે જ્યાં સ્માર્ટ મીટરિંગનો ખ્યાલ આકર્ષિત થઈ રહ્યો છે અને આક્રમકરીતે આવી તકોને આગળ ધપાવશે. એસ્યાસોફ્ટના મુખ્ય શેરહોલ્ડર સિરિયસ ઈન્ટરનેશનલ હોલ્ડિંગના રૂપ સીઈઓ અજય ભાટિયાએ જણાવ્યું હતું કે અમે ભારતીય અને વૈશ્વિક બજારો માટે અમારા અદ્યતન સ્માર્ટ મીટરિંગ સોલ્યુશન્સ ઓફર કરવા અદાણી એનર્જી સોલ્યુશન્સ સાથે હાથ મિલાવીને ખુશ છીએ. વૈશ્વિક સ્તરે હાલમાં, Esyasoft એ અગ્રણી સ્માર્ટ મીટરિંગ પ્લેટફોર્મ અને સોલ્યુશન્સ પ્રદાતાઓમાંનું એક છે, જે દસ દેશોમાં ૨૫ મિલિયન કન્ઝ્યુમર એન્ડ પોઈન્ટ સેવા આપે છે. આ ભાગીદારી સાથે અમે વધારાના ૩૦ મિલિયન અંતિમ બિંદુઓ ઉમેરીશું. વધુમાં Esyasoft પાસે નવીનીકરણીય ઉર્જા, ઊર્જા કાર્યક્ષમતા, ઈફ ચાર્જિંગ, એનાલિટિક્સ માટેના ઉકેલો પણ છે જે અમે અદાણી સમૂહની અન્ય કંપનીઓને પણ ઓફર કરશું એમ તેમણે ઉમેર્યું હતું. અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.પાસે BEST મુંબઈ (૧૦.૮ લાખ), મહારાષ્ટ્ર ડિસ્કોમ (૧.૧૫ કરોડ), ઉત્તરાખંડ (૬.૫ લાખ), આંધ્રપ્રદેશ (૪૧.૨ લાખ), બિહાર (૨૮.૪ લાખ) અને આસામ (૭.૮) જેવી ડિસ્કોમમાંથી લગભગ ૨ કરોડ સ્માર્ટ મીટરની ઓર્ડર બુક છે.અને તેમાં વધુ ઉમેરાય તેવી શક્યતા છે. કંપનીની પોતાની ડિસ્ટ્રિબ્યુશન આર્મ અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈએ પહેલાથી જ તબક્કા ૧માં આયોજિત તેના ૭ લાખ સ્માર્ટ મીટરમાંથી મોટા ભાગનું ઈન્સ્ટોલેશનનું કામ પુરૂ કર્યું છે. ભારતના સ્માર્ટ મીટરિંગ બિઝનેસ માર્કેટનું કદ લગભગ ૨૫ કરોડ જગ્યાઓને પૂર્ણ કરે તેવી અપેક્ષા છે, જેમાંથી ૮ કરોડ મીટર માટેના ટેન્ડરો હજુ બહાર પાડવાના બાકી છે, જે ભવિષ્યમાં વિકાસની પૂરતી તકો દર્શાવે છે.

# અદાણી ગ્રીનએ ટોટાલએનર્જીસ સાથે સંયુક્ત સાહસ સંપ્પન કરી યુએસ ડોલર ૩૦૦ મિલિયન ઉભા કર્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા. ૨૮

અદાણી ગ્રીન એનર્જી લિ.એ ટોટાલએનર્જીસ સાથે ૧૦૫૦ મેગાવોટનું સંયુક્ત સાહસ સંપ્પન કર્યું હોવાની આજે જાહેરાત કરી છે. આ સંયુક્ત સાહસના ભાગરૂપે ટોટાલએનર્જીસે અદાણી ગ્રીનની પેટા કંપનીના પ્રોજેકટમાં ૫૦% હિસ્સો હસ્તગત કરવા માટે યુએસ ડોલર ૩૦૦ મિલિયનનું રોકાણ કર્યું છે.

સપ્ટેમ્બર ૨૦૨૩માં અદાણી ગ્રીન એનર્જી લિ. અને ટોટાલએનર્જીસના સંયુકત સાહસ વચ્ચેના બંધન કરારની જાહેરાતના અનુસંધાનને જોડે છે. આ સંયુકત સાહસ ૧૦૫૦ મેગાવોટનો પોર્ટફોલિઓ ધરાવે છે જેમાં અગાઉથી કાર્યરત ૩૦૦ મેગાવોટ ઉપરાંત નિર્માણ હેઠળની ૫૦૦ મેગાવોટ અને ૨૫૦ મેગાવોટની હાલ ભારતમાં પ્રગતિ હેઠળના સૌર અને પવન ઉર્જા બન્નેના પ્રોજેકટની અસ્કયામતોનો સમાવેશ થાય છે. ધરાવે છે. આ વ્યવહાર સાથે ટોટાલએનર્જીસએ અદાણી ગ્રીન એનર્જી લિ.સાથેના તેના વ્યૂહાત્મક જોડાણને ફરી ગાઢ બનાવવા સાથે ૨૦૩૦ના અંત સુધીમાં ૪૫ ગિગાવોટની ક્ષમતાના લક્ષ્યને હાંસલ કરવા એક જોરદાર સમર્થન પુરૂ પાડ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# દુરસંચાર ક્ષેત્રમાં થઈ રહેલો બદલાવ સરકારનાં હાથ મજબુત કરશે

દેશમાં આઝાદી પહેલાં ગણતરીના ટેલિફોન હતા, પણ હવે જાતજાતના ફોન સબ્સ્ક્રાઈબરની સંખ્યા એક અબજની સંખ્યાને પાર કરી ગઈ છે. જ્યારે ૭૪ કરોડથી વધુ ઈન્ટરનેટ યુઝર્સ થઈ ગયા છે, ત્યારે દૂરસંચાર (ટેલિકોમ) સંબંધી કાયદા બદલવા બહુ જરૂરી છે. સંસદમાં ટેલિકોમ વિધેયક, ૨૦૦૩ને ધ્વનિ મતથી પસાર કરી દેવાયું છે અને તેની ખૂબ ચર્ચા થઈ રહી છે. જે દેશમાં મોટાભાગના લોકોના હાથમાં ફોન હોય, ત્યાં તેને સંબંધિત કોઈ કાયદો બનાવવો કે બદલવો સ્વાભાવિક રીતે રોચક વિષય છે. આ વિધેયક ઉપગ્રહ સ્પેક્ટ્રમના પ્રશાસનિક ફાળવણીની અનુમતિ આપે છે. ટેલિકોમ કંપનીઓ માટે લાયસન્સ વ્યવસ્થાને પ્રાધિકરણ વ્યવસ્થાથી બદલે છે. કાયદામાં યુઝર્સની સુરક્ષાના ઉપાયોને મજબૂત કરે છે અને વિવાદ સમાધાન માટે ચાર સ્તરીય સંરચના પણ પ્રદાન કરે છે. નવું વિધેયક એટલે મહત્ત્વનું છે, કારણ કે તે ભારતીય ટેલીગ્રાફ અધિનિયમ (૧૮૮૫) અને વાયરલેસ ટેલીગ્રાફી અધિનિયમ (૧૯૩૩)નું પણ સ્થાન લેશે. ભારતમાં દૂરસંચાર ક્ષેત્રમાં જે રીતે બદલાવ થયા છે, તેમાં ખાનગી ક્ષેત્રની પકડ બહુ મજબૂત થઈ ગઈ છે. નવા ટેલિકોમ કાયદા સરકારના હાથ મજબૂત કરશે.

ગત દાયકાઓમાં આપણે જોયું કે દેશમાં સીમકાર્ડ એક રીતે ગલી ગલીમાં વેચાય છે. સામાન્ય રીતે બે જ મોટી કંપનીઓ મેદાનમાં મજબૂતીથી બચી છે, પરંતુ જ્યારે લગભગ છ કંપનીઓ સક્રિય હતી, ત્યારે કોઈપણ મહોલ્લામાં લોકો કરતાં વધુ સીમ કાર્ડ જોવા મળતાં હતાં. દેખીતું છે કે સીમકાર્ડ લેવા માટે બનાવટ પણ બહુ થતી હતી. વધતી સુવિધા સાથે સાઈબર ઠગાઈને પણ બળ મળ્યું, પરંતુ નવા કાયદા લાગુ થયા બાદ જો કોઈ ખોટી રીતે સીમ કાર્ડ લે છે તો તેને ત્રણ વર્ષની સજા કે ૫૦ લાખ રૂપિયા સુધીનો આર્થિક દંડ થશે. આવા આકરા કાયદા ખરેખર દેશહિતમાં જ રહેશે. તેનાથી સાઈબર ઠગાઈ રોકવામાં ઘણી હદે મદદ મળશે. ગ્રાહક સત્યાપનમાં કડકાઈ રાખવામાં આવશે તેવી ફરિયાદ થઈ રહી છે, પરંતુ ભારત જેવા દેશમાં, જ્યાં ટેકનિકનો દુરુપયોગ સામાન્ય બાબત છે, એ જરૂરી જ છે. શંકાસ્પદ કે અપરાધી ગ્રાહકો કે યુઝર્સ પર નજર રહેવાનો પણ ઓછાયો રહેશે. ગોપનીયતાની ચિંતા વ્યક્ત કરાઈ રહી છે, પરંતુ જરૂર પડે ત્યારે ગોપનીયતામાં ગાબડું પાડવું સરકાર માટે મજબૂરી છે. સરકાર કોઈ સંદેશને વચ્ચે રોકવામાં સક્ષમ હશે. હા, પ્રેસને છૂટ આપવામાં આવી છે. વોટ્સએપ વગેરે દ્વારા થનારા કોલ અને ઓટીટી મેસેજિંગ પણ નિરીક્ષણના દાયરામાં આવશે. ઉલ્લેખનીય છે કે ટેલિકોમ પર સરકારનો કબ્જો એટલે જરૂરી છે, કારણ કે તેનું કામ ખાનગી કંપનીઓના હાથમાં છે અને ખાનગી કંપનીઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિદેશી નાણાં પણ લાગેલા છે. વિશેષ રૂપે ઉપદ્રવગ્રસ્ત વિસ્તારોમાં સરકાર પહેલાં પણ કોઈ નેટવર્કને પોતાના હાથમાં લેતી રહી છે, હવે આ કાયદા દ્વારા તેને કામમાં આસાની રહેશે. આ કાયદાઓમાં કરવામાં આવેલ અનેક જોગવાઈ બહુ જ જરૂરી છે, જો આ ભાવિ કાયદા આમ આદમીને સુરક્ષિત કરે છે, ઠગાઈથી બચાવે છે તો આ કાયદા ખરા અર્થમાં પ્રશંસનીય ગણાશે.

આમ સંસદમાં ટેલિકોમ વિધેયક, ૨૦૦૩ને ધ્વનિ મતથી પસાર કરી દેવાયું છે અને તેની ખૂબ ચર્ચા થઈ રહી છે. જે દેશમાં મોટાભાગના લોકોના હાથમાં ફોન હોય, ત્યાં તેને સંબંધિત કોઈ કાયદો બનાવવો કે બદલવો સ્વાભાવિક રીતે રોચક વિષય છે. આ વિધેયક ઉપગ્રહ સ્પેક્ટ્રમના પ્રશાસનિક ફાળવણીની અનુમતિ આપે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પોતાની નીંદા સહન કરનાર વ્યક્તિએ સમગ્ર વિશ્વ પર વિજય મેળવ્યો છે. - મહાભારત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર વદ-૨ બીજની વૃધ્ધિ છે, ગુરૂપુષ્યામૃત સિધ્ધિ યોગ (રાત્રે ૧:૦૫ ક.થી) તા.૨૮ ડિસેમ્બર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૧૪, પુનર્વસુ નક્ષત્ર, ઐન્દ્ર યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૩૨, સૂ.અ.૬:૧૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), સાંજે ૬:૪૦ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રિયજનથી સહકાર મળે. વ્યર્થ કંટાળાનું ભોગ બનવું પડે.
વૃષભ:કાર્ય વિલંબથી પૂર્ણ થાય. આવક કરતા જાવક વિશેષ રહે.
મિથુન:મનની મનમાં રહે. વ્યર્થ પુરૂષાર્થ થાય.
કર્ક: આર્થિક સમસ્યા હળવી બને. સંતાનથી લાભ.
સિંહ: અટકી પડેલા કાર્ય પૂર્ણ થાય. મન પ્રફુલિત રહે.
કન્યા: માનસિક અસ્વસ્થતા રહે. ગૃહવિવાદ થાય.
તુલા: સમસ્યાનો ઉકેલ મળે. મનોકામના પૂર્ણ થાય.
વૃશ્ચિક:વ્યર્થ ભાગદોડ થાય. કાર્ય વિલંબમાં પડે.
ધન: મિલન-મુલાકાત સફળ બને. મન પ્રફુલિત રહે.
મકર: કૌટુંબિક ઘર્ષણનો યોગ છે. તબિયત બાબતે સંભાળવું.
કુંભ: ચિંતાનો ઉકેલ મળે. બુધ્ધિ અને ચતુરાઈથી પાર પાડી શકશો.
મીન: મનની મુરાદ બર ન આવે. પ્રવાસથી લાભ થાય.

# કેશોદમાં તાપણું કરવાનાં મનદુઃખે બાઈક સળગાવી નુકશાન કર્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
કેશોદ તા.૨૮

કેશોદના ગ્રીનપાર્ક પલ્લવીનગરમાં તાપણું કરવાના મનદુઃખે હુમલો કરી બાઈક સળગાવી દઈ બારીના કાચ તોડી નાખી નુકશાન કર્યાની ફરીયાદ કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ અંગે કેશોદ પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ફરીયાદી પ્રેમગર ત્રિકમગર મેઘનાથીએ ફરીયાદમાં આરોપી તરીકે કપીલ હાજા સિંધલ અને શૈલેષ સોલંકી રહે.ત્રીલોકપરા કેશોદવાળાના નામો આપી ફરીયાદમાં જણાવેલ કે ફરીયાદીના રહેણાંક મકાનના પગથીયાના ઓટા પાસે કોઈએ તાપણુ કરતા મસ જામી જતા ફરીયાદીએ કોણે તાપણું કરેલ છે તે બાબતે વાત કરેલ તે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ પથ્થરોના ઘા મારી ફરીયાદીના મકાનના બારીના કાચ તોડી તેમજ કપીલ હાજા સિંધલે ગાળો બોલી થપ્પડો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ ફરીયાદીના મોટર સાયકલ નં.જીજે-૧૧-એલએલ-૫૫૪૨વાળુ સળગાવી દઈ નુકશાન કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ તાલુકાનાં ગલીયાવાડ નજીક નવા બાયપાસ પાસેથી કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર)
જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ તાલુકાના ગલીયાવાડ ગામ નજીક નવા બાયપાસ રોડ પાસે જૂનાગઢ તાલુકા પોલીસે વિદેશી દારૂ ભરેલ કારમાંથી બેને પોલીસે ઝડપી લીધેલ છે તેમજ કુલ ચાર સામે કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે જૂનાગઢ તાલુકા પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઈ ભાયાભાઈએ જાતે ફરીયાદી બની આરોપી તરીકે જયેશ ઉર્ફે ઈલુ અશોકભાઈ ગાંગડીયા રહે.ઉપરકોટ રોડ, કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તેમજ હાજર નહી મળી આવેલ રમેશ ઉર્ફે રોકી લાખાભાઈ ભારાઈ રહે.ગિરનાર દરવાજા અને કેશોદના રાજુભાઈનું નામ આપી ફરીયાદમાં જણાવેલ કે, હાજર નહી મળી આવેલ રમેશ ઉર્ફે રોકી લાખાભાઈ ભારાઈએ સફેદ કલરની વોકસવેગન કાર નં.જીજે-૦૩-એફડી-૭૬૩૬માં વિદેશી દારૂની ૫૭૬ બોટલ કિ.રૂા.૭૨૦૦૦નો મુદ્દામાલ ભરી કેશોદના રાજુભાઈને આપવા માટે મોકલેલ દરમ્યાન પોલીસે દારૂ ભરેલ કાર સાથે જયેશ ઉર્ફે ઈલુ અશોક ગાંગડીયા અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને કાર કિ.રૂા.૨ લાખ સહિત મોબાઈલ, દારૂ મળી કુલ ૨,૭૭,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માંગરોળ નાયબ મામલદાર રાજુભાઈ પરમારને મામલતદર તરીકેનું પ્રમોશન મળતા વિદાય સમારોહ યોજાયો



(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૨૮

માંગરોળના વતની અને હાલ માંગરોળ મામલતદાર કચેરીમાં પુરવઠા વિભાગ નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતાં રાજુભાઈ પરમારને મામલતદાર તરીકે પ્રમોશન મળતા ગિર-સોમનાથ કલેકટર કચેરીમાં ચૂંટણી શાખાના મામલતદાર તરીકે નિયુક્ત થતા માંગરોળ મામલતદાર કચેરીનાં સ્ટાફ દ્વારા રાજુભાઈ પરમારનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં માંગરોળ મામલદાર મણવર દ્વારા પળો આપી સાલ ઓઢાડી સન્માન કરી વિદાઈમાન આપવામાં આવ્યું હતું.

રાજુભાઈ પરમાર ૨૦૧૦માં નાયબ મામલતદાર તરીકે પ્રમોશન મળ્યાના તેર વર્ષ બાદ મામલતદાર બનતા પરીવાર આને મિત્ર વર્તુળમાં હર્ષની લાગણી, જોવા મળી હતી. પ્રમોશન થતા રાજુભાઈ પરમાર ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# યાત્રાધામ પ્રાંચી તીર્થ ખાતે કળશ યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું : જય શ્રી રામના નાદ ગુંજયા



(પ્રતિનિધિ દ્વારા)
પ્રાચી તા.૨૮

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે શ્રી રામ મંદિર અયોધ્યાથી આવેલ "અક્ષત કળશ"નું ભવ્ય ફુલ થી સ્વાગત કરવામાં આવ્યું હતું. અયોધ્યાથી આવેલા શ્રી રામચંદ્ર પ્રભુના અક્ષત કળશને ભક્તો ઠેર ઠેર વધાવી રહ્યા છે. હિન્દુ ધર્મનું આસ્થાનું કેન્દ્ર અયોધ્યા નગરીમાં તારીખ ૨૨ જાન્યુઆરીના રોજ પ્રભુ શ્રી રામચંદ્ર ભગવાનનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થવા જઈ રહ્યો છે. જેમાં ભારતભરના સંતો-મહંતો અને દેશ-વિદેશના કરોડો ભક્તો આ મહોત્સવમાં જોડાવાના છે. ગુજરાતભરમાં અક્ષત કળશયાત્રાનું આયોજન કરાયું છે જેના ભાગરૂપે યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે કળશ યાત્રા પહોંચી હતી. મુખ્ય માર્ગ ઉપર થઈને સુવિખ્યાત મોક્ષ પીપળે પૂજન કર્યા બાદ માધવરાય મંદિરે તથા શ્રીરામ મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. આ તકે રાજવીરસિંહ ઝાલા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ તથા સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ પ્રતાપભાઈ બારડ સહિતના ગામના મોટી સંખ્યામાં ભાઈ-બહેનો આ કળશ યાત્રામાં જોડાયા હતા.

(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# સુત્રાપાડાના નવાગામ ખાતે કળશ યાત્રાનું ભવ્ય સ્વાગત : આરતી, પૂજા કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)
પ્રાચી તા.૨૮

શ્રી રામ ભગવાનની કળશ યાત્રા સુત્રાપાડા તાલુકાના નવાગામ ખાતે રથ આવતા કળશમાં કંકુ ચોખા છાટીને ગામ ભાઈઓ તથા બહેનોએ શ્રી રામજીની સંધ્યા આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. આ તકે સરપંચ પ્રતાપભાઈ બાભણીયા, રામસીંગભાઈ ઉપસરપંચ, નાથાભાઈ માજી સરપંચ, બાલુભાઈ માજી સરપંચ, રાજાભાઈ માજી સરપંચ, બાબુભાઈ ખીમભાઈ, ગીગાભાઈ, પાચાભાઈ, માલાભાઈ, કડવાભાઈ આર.એસ.એસ. તથા હેમંતભાઈ જાદવ, ભરતભાઈ આર.એસ.એસ. સહિતના ગ્રામજનો મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો હાજરી આપી હતી. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# મટાણાના પાધેશ્વરી આશ્રમ ખાતે રામદેવ પારાયણ કથા તથા રામદેવજી મહારાજનો ચાર જુગનો બાર પોહર પાઠનું આયોજન



## સાત દિવસ સૂધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)
પ્રાચી તા.૨૮

સુત્રાપાડા તાલુકાના મટાણા ગામે આવેલ શ્રી પાધેશ્વરી આશ્રમ ખાતે ઉપવાસી મહંત કરસનદાસ બાપુ તથા પુ. સદગુરૂ દેવ સંત શ્રી વ્યાસ દલપતરામ બાપાના પરમ આશીર્વાદથી રામદેવ પારાયણ કથા તથા રામદેવજી મહારાજનો ચાર જુગનો બાર પોહર પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આ કાર્યક્રમની રૂપરેખામાં કથા પ્રારંભ તા.૨૭-૧૨-૨૩ને બુધવારથી કરવામાં આવેલ છે અને તા.૨-૧-૨૪ને મંગળવાર સુધી ચાલશે. જેમાં આ કથાના વ્યાસપીઠ ઉપર બિરાજમાન પ્રવક્તા શ્યામદાસ બાપુ દ્વારા મધુર શૈલીમાં કથાનું રસ પાણ કરવામાં આવશે. આ કથાનો સમય સવારે ૯:૩૦ થી ૨:૦૦ વાગ્યા સુધી રહેશે તથા રામદેવજી મહારાજનો ચાર જુગનો બાર પોહર પાઠની રૂપરેખામાં જ્યોત પ્રાગટ્ય તા.૨૭-૧૨-૨૩ને બુધવારના સાંજના સાત કલાકે તથા જ્યોત વિરામ તા.૨૮-૧૨-૨૩ને ગુરૂવારે રાત્રિના ચાર કલાકે તથા આ પાટના મુખ્ય આચાર્ય ગાદીપતિ તથા મુખ્ય કોટવાળ ગાદીપતીમાં જોગેશબાપુ, કાનભગત, હદાભગત, જગદીશ બાપુ, બાલુ ભગત, નોઘણ ભગત, સુરેશ બાપુ, કાળા ભગત, ધાના ભગત, બટુક બાપુ, ભીમા ભગત, બાલુ ભગત, કુંભ સ્થાપના તા.૧૯-૧૨-૨૩ને મંગળવારના સાંજના તથા શક્તિ પાઠના ગાદીપતિ તથા કોટવાળ ગાદીપતિ પ્રભાત બાપુ રાખેજ, ધના ભગત રાખેજ, લખમણ ભગત રાખેજ તથા મુખ્ય દ્વારપાળમાં અરજન ભગત મટાણા, કાળા ભગત પણાદર, કરસનભાઈ પાયાભાઈ મટાણા તથા રામદેવજી મહારાજનું આખ્યાન(ભવાની રામામંડળ દામલી વાળા) તા.૨૮-૧૨-૨૩ને ગુરૂવાર રાત્રિના ૧૦:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. તો આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા ભક્તગણને પધારવા મહંત કરસનદાસ બાપુ ઉપવાસી તથા દક્ષ બાપુ ગુરૂ દલપતરામ બાપા સ્નેહ ભર્યુ હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# સિંગસર ગામના સામાન્ય પરિવારના યુવાન ભગવાનભાઈ કામળિયા પી.એસ.ડી. થયા



(પ્રતિનિધિ દ્વારા)
પ્રાચી તા.૨૮

સુત્રાપાડા તાલુકાના સિંગસર ગામ ભગવાનભાઈ કામળિયા પી.એસ.ડી. થયા છે. સિંગસર ગામના સામાન્ય પરિવારમાંથી આવતાં પુંજાભાઈ પોતે ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ત્યારે મોટે ભાગે ખેતી મજૂરી કરી પોતાનું પેટિયું રળતા સામાન્ય પરિવારના બાળકોને ગામડાનું પ્રાથમિક શિક્ષણ જ મળતું હોય છે અને આવો સામાન્ય પરિવાર જે પોતાના બાળકોને વધુમાં વધુ ૧૨ ધોરણ સુધી અભ્યાસ કરાવતો હોય છે અને પછી બંધ કરી દે છે. પુંજાભાઈ કામળિયાએ પોતાના બાળકોના ભવિષ્યને ઉજળું બનવવા માટે અભ્યાસ ચાલુ રાખ્યો છે. પુંજાભાઈ તથા માતા શાંતીબેનએ દિવસ-રાત જોયા વગર ધંધો કરી જ્યારે તેમના પુત્ર ભગવાનભાઈએ પોતાના માતા પિતાનો આ સઘર્ષને જોયો અને યાદ રાખ્યો અને પોતે નક્કી કર્યું કે પિતા-માતાની આ મહેનતને એળે નથી જવા દેવી તેમજ પિતા-માતાના સપનાઓને સાકાર કરવા છે. જેથી ભગવાનભાઈએ સતત અભ્યાસમાં મન લગાવીને ધ્યાન આપ્યું જેનું ચમકતા સૂરજ જેવું પરિણામ આવ્યું છે. ભગવાનભાઈએ સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગર ખાતે પ્રોફેસર ડો. પ્રગ્નેશ એન. દવેના માર્ગદર્શન હેઠળ કેમેસ્ટ્રી વિષય સાથે **HYDROGELS BASED ON MODIFIED GRAFT POLYMERS AND THEIR APPLICATIONS** ટોપીક સાથે પી.એસ.ડી. થયા છે. આ સાથે જ પોતાના માતા-પિતાના સપનાઓને સાકાર કર્યા છે અને પોતાનું ભવિષ્ય પણ ઉજ્જવળ બનાવ્યું ત્યારે સમગ્ર સિંગસર ગામ કોળી સમાજનું નામ ઉજળું થયું છે. પુંજાભાઈ કામળિયાની કપરી મહેનત અને તેમના પુત્ર ભગવાનભાઈએ પુરૂષાર્થને સમગ્ર જિલ્લામાંથી અને પોતાના સમાજમાંથી અભિનંદનની વર્ષા થઈ રહી છે અને હાલ તેઓ **USV PHARMA MUMBAI**માં સીનિયર રિસર્ચ એનાલિસ્ટ તરીકે ફરજ બજાવે છે. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# ઉર્જા કૌભાંડ મામલે ક્રાઈમ બ્રાન્ચ એક્શનમાં, ૫૫ના નિવેદનો નોંધ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ, તા.૨૮

રાજ્યમાં ફરી એકવાર ભરતી કૌભાંડને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે વિદ્યુત સહાયક ભરતી કૌભાંડ મામલે તપાસ વધુ તેજ કરી છે, ક્રાઈમ બ્રાન્ચે રાજ્યના જુદાજુદા જિલ્લામાંથી વિદ્યુત સહાયક ભરતીમાં પાસ થયેલા ઉમેદવારોને બોલાવીને નિવેદનો નોંધવાનું શરૂ કર્યુ છે, આ કાર્યવાહી અંતર્ગત અત્યાર સુધી ૫૫ વીજ કર્ચમારીઓના નિવેદનો નોંધવામાં આવ્યા છે, જ્યારે અન્ય ૪૨ કર્મચારીઓને નૉટિસ પાઠવવામાં આવી છે. ખાસ વાત છે કે, આમાં એમજીવીસીએલ અને પીજીવીસીએલના ૨૦ જેટલા કર્ચચારીઓનું નામ ઉછળ્યુ છે, તેઓને પણ નૉટિસ ફટકારવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે, રાજ્યમાં ફરી એકવાર ઉર્જા કૌભાંડનું ભૂત ધૂણ્યુ છે. હાલમાં સુરત ક્રાઈમ બ્રાન્ચે વિદ્યુત સહાયક ભરતી કૌભાંડનો મામલે નૉટિસો ફટકારવાનું અને નિવેદનો નોંધવાનું શરૂ કર્યુ છે. હાલમાં આ સમગ્ર મામલે તપાસ ચાલુ છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે ૫ મહિના પહેલા આ આખા કૌભાંડને પકડી પાડ્યુ હતુ. હવે નોકરી મેળવનારા ૫૫ ઉમેદવારોના નિવેદનો લેવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં એક પછી એક નિવેદનો લેવામાં આવ્યા છે. અલગ-અલગ જિલ્લામાંથી ઉમેદવારોના નિવેદનો નોંધવામાં આવ્યા છે. આમાં પરીક્ષા આપવામાં સેટિંગ કરીને પાસ થનારા વધુ ૪૨ નોકરિયાતને નૉટિસ પણ અપાઈ છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે આ મામલે MGVCLના ૨૨ અને PGVCLના ૨૦ નોકરિયાતોને નૉટિસ ફટકારી હતી. ક્રાઈમ બ્રાન્ચે તમામ નોકરિયાતોને કેવી રીતે નોકરી મેળવી, કેવી રીતે પરીક્ષા પાસ કરી સહિતની વિગતો મેળવવા કવાયત હાથ ધરી છે. ૫ મહિના પહેલા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૧૧ વ્યક્તિઓની મહેસાણાથી ધરપકડ કરી હતી. છેલ્લા કેટલાક દિવસોમાંથી રાજ્યમાં સીઆઈડી ક્રાઈમ પોલીસ એક્શનમાં આવી છે.

વિદેશમાં નોકરીની લાલચ આપીને લોકો સાથે ઠગાઈ કરનારી ટોળકીનો એક પછી એક મોટા કૌભાંડનો પર્દાફાશ થઈ રહ્યો છે. આજે સીઆઈડીએ અમદાવાદના વધુ એક વિઝા કન્સલટન્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ લોકો જુદીજુદી યૂનિવર્સિટીઓના નકલી પ્રમાણપત્રો આપીને લોકો પાસેથી લાખો રૂપિયા ખંખેરી લેતા હતા. સીઆઈડી ક્રાઈમે રાજ્યની વિવિધ ઈમીગ્રેશન ફર્મ પર પાડેલા દરોડા બાદ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદમાં આઉટ સૉર્સ ઈન્ડિયા ફર્મના સંચાલકો સહિત ૬ લોકો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. વિજય ચાર રસ્તા પાસે આવેલા આઉટ સૉર્સ ઈન્ડિયા નામની ઓફિસ પર પણ દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં પોલીસને મોટા પ્રમાણમાં બનાવટી પ્રમાણપત્રો અને ગેઝેટ્સ તેમજ અન્ય દસ્તાવેજો મળી આવ્યા હતા. જેના આધારે સીઆઈડી ક્રાઈમે કાર્યવાહી કરી, આ શખ્સો યુવાનો પાસેથી લાખો રૂપિયા લઈને યુવકોને ગેરકાયદેસર રીતે ઈગ્લેન્ડ, અમેરિકા અને કેનેડા મોકલવાનું કૌભાંડ ચલાવવામાં આવતું હતું. પોલીસે દરોડાની કામગીરી દરમિયાન ઓસમાનિયા યૂનિવર્સિટી હૈદરાબાદ, છત્તીશગઢ યૂનિવર્સીટી, મોનાદ યૂનિવર્સીટી, છત્રપતિ સાહજી યૂનિવર્સિટીના બનાવટી પ્રમાણપત્રો મોટા પ્રમાણમાં મળી આવ્યા હતા, તેમજ લેપટોપ, મોબાઈલ ફોન અને અન્ય દસ્તાવેજો મળી આવ્યા હતા.

# કચ્છનો રણોત્સવ એટલે કે ધોરડોનું સફેદ રણ આકાશમાંથી નિહાળી શકાશે

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતવાસીઓ માટે વધુ એક સારા સમાચાર આવ્યા છે. વર્ષ ૨૦૨૩ના અંત પહેલાં અમદાવાદ બેઝ્ડ એર કંપની દ્વારા આ સારા સમાચાર જાહેર કરાયા છે. જેમાં હવે માત્ર ૮ મિનિટમાં કચ્છમાં યોજાઈ રહેલાં રણઉત્સવ માટે આકાશી નજારો માણી શકાશે. કચ્છમાં યોજાઈ રહેલાં રણઉત્સવની મજા માણવા માટે કચ્છમાં નવું હેલિપેડ બનાવાવમાં આવ્યું છે. જેમાં માત્ર ૮ મિનિટમાં રિવરફ્રન્ટ હેલિકોપ્ટર જોયરાઈડની જેમ કચ્છના રણોત્સવને માણી શકાશે. રણઉત્સવનો આકાશી નજારો માણવા માંગતા લોકો આ હેલિકોપ્ટર સર્વિસની મજા માણી શકશે. આ માટે આજથી બુકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ જોય રાઈડ દ્વારા માત્ર ૮ મિનિટમાં કચ્છના ધોરડો ખાતે યોજાઈ રહેલાં રણોત્સવની મજા માણી શકશો. આ માટે કંપની ખાસ હેલિપેડ બનાવાવમાં આવ્યું છે. આ રાઈડને ધોરડો જોયરાઈડ નામ આપાવમાં આવ્યું છે. જેમાં એક વ્યક્તિ દીઠ ૫૯૦૦નો ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. વેબસાઈટ દ્વારા કોઈપણ વ્યક્તિ જોયરાઈડનું બુકિંગ કરી શકશે. આ માટે વેબસાઈટ પણ તૈયાર કરવામાં આવી છે. જેના થકી જોયરાઈડનું બુકિંગ કરી શકાશે. અમદાવાદમાં રિવરફ્રન્ટ ઉપર જેમ અમદાવાદનો નજારો જોવા માટે હેલિપેડ બનાવાયું છે. બરોબર એ જ રીતે કચ્છના



ધોરડોના સફેદ રણમાં હેલેપિડ ઉભું કરવામાં આવ્યું છે. બુકિંગ બાદ મુસાફરોએ કચ્છના ધોરડોના આ હેલેપિડ ઉપર પહોંચવાનું રહેશે. જેમાં ૮ મિનિટમાં આકાશમાંથી આખુંય કચ્છ કેવું દેખાય છે તેનો નજારો માણી શકાશે. ૮ મિનિટમાં કોઈપણ વ્યક્તિ અનેરો અનુભવ થાય તે માટે આ સર્વિસ શરૂ કરવામાં આવી છે. કચ્છના ટેન્ટ સીટીમાં મોટાભાગે વિદેશી પ્રવાસીઓને ધ્યાનમાં રાખીને આ પ્રકારનો નવીન પ્રકારનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આમ હવે ધોરડો ખાતે રણની મુલાકાત લેવા જનારા મુસાફરો માટે વધુ એક ફેસિલિટી શરૂ કરાઈ છે.

# ટુરિઝમ વિકાસના નામે ઉનાના સીમર બંદરે મેનગ્રુવ વૃક્ષોનું મોટા પાયે નિકંદન : પર્યાવરણ પ્રેમીઓ નારાજ

ઉના, તા.૨૮

એક સમયનું રાજા શાહી ગણાતું સીમર બંદરને ભુતકાળ બનાવી આ સમગ્ર વિસ્તારને દીવ કેન્દ્ર શાસિત સંઘ પ્રસાશન હવાલે કરી દેવાતાં આ વિસ્તારને ભવ્યાતિભવ્ય રીતે ટુરિઝમ વિકાસ તરીકે વિકસાવવાની તડામાર તૈયારીઓ ચાલી રહીં છે. એક સમયે સીમર ગામે આવેલા આશ્રમના કારણે ધાર્મિક સ્થળનું મહત્ત્વ ગણાતું તિર્થધામ સ્થાન નજીક પણ ટુરિઝમ વિકસની સાથે ત્રણ કિમી અંતરે બાર રેસ્ટોરન્ટ પણ ધમધમતાં થવા લાગશે આ વિસ્તારમાં પ્રવાસીઓ માટે રહેવાની સુવિધા માટે ટેન્ટ સિટી બીચ ઉપર બનાવાઈ રહ્યું છે. સમગ્ર વિસ્તારનો હરીયાળી ક્રાંતિ બનાવાની તૈયારીઓ ચાલી રહીં છે તો બીજી તરફ ટુરિઝમ વિકાસ નામે દરીયા કિનારે પાણી વચ્ચે કુદરતી પ્રાકૃતિક સૌંદર્ય પર્યાવરણનું નિકંદન કાઢી દરીયા વિસ્તારના મેનગ્રુવ (ચેર) વૃક્ષોનો મોટાં પાયે નાશ થઈ રહ્યો હોય અને કુદરતી દરિયાઈ ખાંડી ઉપર પાળા બાંધકામ જેસીબી તથા ટ્રેક્ટર દ્વારા પૂરજોશમાં દરિયાઈ ખાંડીમાં પાળા બાંધવામાંઆવી રહ્યા છે. દરીયા કિનારે ખારાં પાણીને આગળ વધતાં અટકાવવાનું કામ કરતાં આ કુદરતી ઉગતાં દરિયાકાંઠા વિસ્તારમાં મોટા પ્રમાણમાં મેનગ્રુવ (ચેર) થી દરિયાઈ જીવસૃષ્ટિ અને સમુદ્રમાં વસતા જીવોનાં સધન રક્ષણ અને સંરક્ષણ કરવા બ્રિજનું જડમૂળથી નાશ કરી દેવાતાં પર્યાવરણ પ્રેમીમાં ભારે ચકચાર મચી જવા પામી છે. મેનગ્રુવ (ચેર) ઉષ્ણ કટિબંધીય અને પેટા ઉષ્ણ કટિબંધીય હદના આંતર ભરતી દરિયાઈ વિસ્તારમાં જોવા મળે છે. તે ભરતી ઓટ તેમજ ભારે સમુદ્રી તોફાનો તથા જોશીલા જળપ્રવાહોથી દરિયા કિનારાનું ધોવાણ તથા અટકાવે છે. મેનગ્રુવ ચેર કુદરતી આફતો જેવી કે દરિયાઈ તોફાન અને સુનામી વખતે પણ તેની અસર સામે રક્ષણ પરૂં પાડે છે. સમુદ્રી કિનારાના વિસ્તારો અને આંતર ભરતી દરિયાઈ વિસ્તારમાં મેનગ્રુવ (ચેર) સૌથી મહત્ત્વની કાર્બન સિક્સ (કાર્બન શોષક) પૈકીના એક છે અને આંતર ભરતી દરિયાઈ વિસ્તારોમાં મેનગ્રુવ (ચેર) સમુદ્રી કિનારાનું રક્ષણ કરતો હોવાથી દરિયાઈ તોફાન તેમજ જળપ્રવાહો ભરતી-ઓટ દરિયાનાં મોજાંને આગળ વધતા અટકાવે છે. દરિયાઈ ક્ષારના પ્રમાણને ફળદ્રુપ જમીનમાં આગળ વધતા અટકાવે છે. શિયાળા દરમ્યાન આવતા વિદેશી યાયાવર પક્ષીઓ આ વૃક્ષોમાં આશય લે છે. દરિયાઈ જીવસૃષ્ટિ અને સજીવસૃષ્ટિ આ વૃક્ષોમાં પોતાના ઈંડા અને બચ્ચાને ઉછેરે છે. હાલમાં વિશ્વના દેશો ગ્લોબલ વોર્મિંગની અસરોનો સામનો કરી રહ્યા છે. ત્યારે પર્યાવરણ અને દરિયાકાંઠો બચાવવાનાં ભાગરૂપે પર્યાવરણીય મહત્વ દરિયાઈ સુરક્ષા પાળા તરીકે કામ કરતા ૧૦ વિધા જમીનનાં વૃક્ષોનું નિકંદન કાઢી નાખતા તત્વો ઉપર શું વન્ય વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ પગલાં ભરશે તેવો પ્રશ્ન લોકોમાં ચર્ચાઈ રહ્યો છે. કહેવાય છે કે મેનગ્રુવ (ચેર) માટે અગાઉ ગુજરાત હાઈકોર્ટે પણ મનાઈ હુકમ ફરમાવ્યો હોવાનું પર્યાવરણ પ્રેમી લોકોમાં ચર્ચા ઉઠી રહી છે તેમ છતાં પ્રતિબંધ વૃક્ષો ઉનાનાં સીમર ટુરિઝમ વિકાસને ડેવલપમેન્ટ પ્લાનની આજુબાજુ આવેલા વિસ્તારમાં મોટા પ્રમાણમાં મેનગ્રુવ ચેરનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે બંદર વિસ્તારમાં માછીમારો પણ મોટાં પાયે રીક્ષા તેમજ ટેમ્પો ભરીને વૃક્ષો લઈ જાય છે અને કટીંગ કરે છે કહેવાય છે કે આ બીચનું ડેવલપમેન્ટ કરતાં કોન્ટ્રાકટર દ્વારા છુટો દોર આપ્યો હોવાની ચર્ચા ઉઠી રહી છે. પરંતુ સ્થાનિક વનવિભાગ તથા રેવન્યુ વિભાગ સહિતના જવાબદાર અધિકારીઓ દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા હોય તેવુ પર્યાવરણ પ્રેમી લોકોમાંથી ચચોઓ થઈ રહી છે. દરિયાઈ ખાંડીની જમીન ઉપર બીન અધિકૃત પાળા બાંધતા તત્વો ઉપર શું સ્થાનિક અધિકારીઓ પગલાં લેશે ખરા ? રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયા ખર્ચ કરીને ખડાં બંધાણા યોજના અંતર્ગત આ વિસ્તારમાં ખારાં પાણી અટકાવા મીઠું પાણી દરિયામાં જતું રોકવા બંધાણા બાંધેલ છે તેની આજુબાજુ આવેલા દરિયાઈ કુદરતી મેનગ્રુવ ચેર વૃક્ષનાં નિકળતાં નિકંદનને અટકાવવામાં નહીં આવે તો મીઠાં પાણી સંગ્રહ બંધાણા યોજના પણ ભુતકાળ બની જશે.

# વિશ્વની ૫૦૦ મોટી કંપનીઓ પૈકીની ૧૦૦ ગુજરાતમાં

## મુખ્યમંત્રી નિવાસસ્થાને ગુડ ગવર્નન્સ ડે-૨૦૨૩ની ઉજવણી કરતા મુખ્યમંત્રીનું આહ્‌વાન : સારા કામો કરતી વખતે નિષ્ફળતાને એટલી જ બિરદાવો : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કર્મયોગી ૨.૦ની શરૂઆત થઈ છે. ત્યારે આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સંબોધન કરતા જણાવ્યું હતું કે સારા કામો કરતી વખતે નિષ્ફળતાને એટલી જ બિરદાવો. છેવાડાના માનવી સુધી લાભ પહોંચાડવા કોઈને વિચાર ન આવ્યો. વ્યવસ્થામાં રહેતી ઉણપ દૂર કરવા પ્રયત્ન કરીએ. નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આ કામ થાય છે. ૧૦ જાન્યુઆરીથી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ છે. ગુજરાત છે એને ટકાવી રાખવું. હું જાપાન ગયો તો ત્યા રોડ ઉપર ક્યાય ડસ્ટબીન જ જોવા મળ્યા નથી. દુનિયાની ૫૦૦ મોટી કંપનીઓ પૈકી ૧૦૦ ગુજરાતમાં છે. આપણે ઓફિસથી લઈ ગામડા સુધી સ્વચ્છતા માટે કામ કરવું છે. એમ જણાવતા તેમણે જણાવ્યું કે, ૨૫ ડિસેમ્બરે ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જયંતી ઉપર સુશાસન દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ વાજપેયીના સન્માનમાં વર્ષ ૨૦૧૪માં સરકારમાં જવાબદેહી લોકો વચ્ચે જાગરૂકતા વધારવા માટે સ્થાપિત કરવામાં આવ્યો હતો. સીએમ કાર્યાલયની નવી લોન્ચ કરાયેલ વેબસાઈટ સરળ નેવિગેશન, સહજ એક્સેસ મોબાઈલ રિસ્પોન્સિવ પેજીસ, સમાચાર તથા પ્રેસ રીલિઝનું સરળ શેરિંગ, ફોટોવીડિયો માટે સરળ વોલ સહિતની ઘણી સુવિધાઓથી સભર છે. તેના ઉપરથી હવે સીએમઓ દ્વારા સોશિયલ મીડિયા ઉપર મૂકવામાં આવેલી પ્રત્યેક પોસ્ટ જોવા મળી શકશે તેમજ સરકારના અગત્યના નિર્ણયોની માહિતી પણ મળી રહેશે. ગુડ ગવર્નન્સ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં ત્રણ એમઓયુ થયા હતા. જેમાં એનએફએસયુ અને મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, એમનએફએસયુના અને સીએમ ડેશબોર્ડ તથા વાધવાની ફાઉન્ડેશન અને મુખ્યમંત્રી કાર્યાલયના એડમિન એકમ વચ્ચે વિવિધ વહીવટી પ્રક્રિયા સરળ કરવા અંગે એમઓયુ થયા હતા. મુખ્યમંત્રીએ ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ ઉપર ભાર મૂકતા કહ્યું હતું કે, ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ થકી જનધન સુધી પહોંચવા સૌનો સહિયારો પ્રયાસ જરૂરી છે. તેમણે દરેક અધિકારીઓને સુશાસન માટે પોતાને યોગ્ય લાગે તેવા નહીં. પરંતુ સહિયારા ટીમ વર્કથી ઉપજેલા સર્વસંમત નિર્ણયોનો અસરકારક અમલીકરણ કરવા તેમજ ઝીરો-એરરના મંત્ર સાથે કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા, અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, સચિવ અવંતિકા સિંઘ તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાનગી સ્કૂલોની ફી મર્યાદા નક્કી કરવા ટૂંક સમયમાં રિપોર્ટ સોંપાશે

અમદાવાદ, તા.૨૮

રાજ્યની ખાનગી સ્કૂલોની લઘુતમ ફી મર્યાદા નક્કી કરવા માટે સંચાલકો, વાલીઓ પાસેથી સુચનો મેળવી લીધા બાદ હવે કમિટી દ્વારા ટૂંકમાં જ પોતાનો રિપોર્ટ સરકારને સુપરત કરશે. વર્ષના અંત સુધીમાં રિપોર્ટ સબમીટ કરી દેવામાં આવશે. ત્યારબાદ સરકાર દ્વારા રિપોર્ટના આધારે ખાનગી સ્કૂલોની લઘુતમ ફી મર્યાદામાં વધારો કરવા અંગે નિર્ણય લેવાશે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય સરકાર દ્વારા ખાનગી સ્કૂલોની ફી પર લગામ કસવા માટે ફી નિયમન વિધેયક પસાર કર્યું હતું. જેમાં સ્કૂલોની લઘુતમ ફી મર્યાદા નક્કી કરવામાં આવી હતી. દરમ્યાન સરકાર દ્વારા કાયદો અમલમાં મુક્યો ત્યારબાદ અત્યાર સુધી એક પણ વાર ફીની લઘુતમ મર્યાદામાં વધારો કર્યો ન હતો. જેના પગલે સંચાલકો દ્વારા ફી મર્યાદામાં વધારો કરવામાં આવે તે માટે રજૂઆતો કરી હતી. જેના પગલે સરકાર દ્વારા ખાનગી સ્કૂલોની લઘુતમ ફી મર્યાદા નક્કી કરવા માટે એક કમિટીની રચના કરી હતી. આ કમિટી દ્વારા તમામ પક્ષોને સાંભળ્યા બાદ પોતાનો અહેવાલ સુપરત કરશે તેવું નક્કી કરાયું હતું. કમિટી સમક્ષ સંચાલકો દ્વારા લઘુતમ ફી મર્યાદામાં ૫૦ ટકા જેટલો વધારો માંગવામાં આવ્યો હતો. જ્યારે વાલી મંડળ દ્વારા લઘુતમ ફી મર્યાદામાં કોઈ પણ જાતનો વધારો કરવામાં ન આવે તેવી રજૂઆત કરી હતી. આમ, તમામ પક્ષો પાસેથી સૂચનો મંગાવાયા હતા અને સુચનો મોકલવાની મર્યાદા પુર્ણ થયા બાદ હવે કમિટી દ્વારા રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે અને સંભવત આ સપ્તાહના અંત સુધીમાં સરકારને રિપોર્ટ સુપરત કરી દેવામાં આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે. સરકાર પાસે રિપોર્ટ આવ્યા બાદ કમિટીની ભલામણોના આધારે સરકાર દ્વારા લઘુતમ ફી મર્યાદામાં કેટલો વધારો કરવો તે અંગે નિર્ણય લેવામાં આવશે.

# રાજ્યમાં ગૃહિણીઓને રડાવ્યા બાદ હવે ખેડૂતોને રડાવી રહી છે ડુંગળી : પાંચ રૂપિયે કિલોનો ભાવ



અમદાવાદ, તા.૨૮

ગુજરાતમાં ડુંગળીની બબાલ જારી રહી છે. ખેડૂતો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે તો બીજી તરફ ભાવનગર જિલ્લામાં ડુંગળીના ભાવમાં સતત ઘટાડો જોવા મળ્યો છે. માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોને ડુંગળીના ભાવ ૧ કિલોના માત્ર ૫ રૂપિયા જ મળી રહ્યા છે. ૨૦ કિલો ડુંગળીના ભાવો ૧૦૦ રૂપિયાથી ૩૮૦ રૂપિયા સુધીના જોવા મળ્યા છે. ખેડૂતોએ મહામહેનતએ વાવેલી ડુંગળી હવે ખેડૂતોને રડાવી રહી છે. આ સાથે રાજકોટમાં ૧૦ લાખ કિલો ડુંગળીની આવક થતા હરાજી બંધ કરાઈ છે. યાર્ડમાં ડુંગળીની ૧.૫૦ લાખ કટ્ટાની આવક નોંધાઈ હતી. યાર્ડમાં ડુંગળીની આવક થાય તે પહેલા યાર્ડ બહાર બંને બાજુ વાહનોની ૩થી ૪ કિલોમીટર લાંબી કતારો જોવા મળી હતી. ડુંગળીની નિકાસબંધી અને આવક વધુ થતા હરાજીમાં ડુંગળીના ભાવમાં કડાકો બોલી જવા પામ્યો છે. હરાજીમાં ડુંગળીના ૨૦ કિલોના ભાવમાં રૂપિયા ૨૦૦નો ઘટાડો જોવા મળ્યો છે. આ સાથે જ ડુંગળીના ભાવમાં મોટો ઘટાડો ખેડૂતો માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. તેમજ ભાવ ગગડવાનું મુખ્ય કારણ નિકાસબંધી અને સરકારની જો હુકમી મનાઈ રહી છે. હરાજીમાં ડુંગળીના ૨૦ કિલોના ભાવ રૂપિયા ૧૦૦/-થી લઈને ૩૦૦/- સુધીના બોલાયા છે. કેટલાક દિવસો પહેલા નિકાસબંધીને કારણે ડુંગળીના ભાવ તળિયે જતા ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતોના વિરોધ વચ્ચે ડુંગળીની હરાજી ચાલુ કરવામાં આવી હતી. બહારના રાજ્યોથી આવેલા વેપારીઓએ ડુંગળીની ખરીદી શરૂ કરી હતી. માર્કેટિંગ યાર્ડના સૂત્રોએ જણાવ્યું કે, હાલમાં ખેડૂતોને એક મણ ડુંગળીના રૂા.૧૦૦થી ૩૦૦ સુધીના ભાવ મળી રહ્યા છે. ડુંગળી પકવવાના ખર્ચના પ્રમાણમાં આ ભાવ ઓછા હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. કારણ કે ડુંગળી પકવવાનો ખર્ચ સતત વધી રહ્યો છે. ખેડૂતોને એકમાં ડુંગળીનો ભાવ રૂા. ૩૦૦થી વધુ જ મળવો જોઈએ. રાજકોટ માર્કેટ યાર્ડના શાકભાજી વિભાગમાં ડુંગળીની સિઝનની ઓલ ટાઈમ હાઈ ૧૦ લાખ કિલોની આવક નોંધાઈ હતી. જોકે કેન્દ્ર સરકારે નિકાસબંધી જાહેર કરી ત્યારથી સતત ઘટતા જતા ડુંગળીના ભાવ પણ ઘટીને તળિયે પહોંચી ગયા હતા. હરાજીમાં પ્રતિ ૨૦ કિલોનો ભાવ ઘટીને ગુણવત્તા અનુસાર રૂા.૧૨૧થી ૩૪૧ સુધીનો રહ્યો હતો. જેને લઈને હરાજી બંધ કરવા ફરજ પડી હતી. ડુંગળીની આવક સતત વધવા લાગી હતી અને ૧૦ લાખ કિલો ડુંગળીની આવક થઈ હતી. જેમાં હરાજી દરમ્યાન પ્રતિ કિલોનો ભાવ ઘટીને રૂા.૫ સુધી પહોંચી જતા ખેડૂતોમાં દેકારો બોલી ગયો હતો. આખરે હરાજી બંધ કરવાની ફરજ પડી હતી. ખરીદનાર વેપારીઓની સંખ્યા મર્યાદિત હોવાને કારણે ભાવ વધે કે જળવાયેલા રહે તેવી પણ શક્યતા નહીં જણાતા હરાજી બંધ કરાઈ હતી.

### પાસપોર્ટની જેમ થશે વેરિફિકેશન

# નવું આધાર કાર્ડ બનાવવું હવે લોઢાના ચણા ચાવવા બરાબર

## ઉત્તરપ્રદેશમાં આ સમગ્ર પ્રક્રિયાની શરૂઆત થઈ પણ ગઈ છે, અગાઉ યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા વેરિફિકેશન કરતી હતી




નવી દિલ્હી, તા.૨૮

મોદી સરકાર આધાર કાર્ડ માટે નવી સિસ્ટમ લાગુ કરવા જઈ રહી છે. આ અંતર્ગત નવા આધાર કાર્ડ માટે અરજી કરનારાઓનું વેરિફિકેશન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. આ પાસપોર્ટ વેરિફિકેશન જેવું હશે. SDM સ્તરના અધિકારીની મંજૂરી બાદ જ નવું આધાર કાર્ડ આપવામાં આવશે. ઉત્તર પ્રદેશમાં આ સમગ્ર પ્રક્રિયાની શરૂઆત થઈ પણ ગઈ છે. અગાઉ, યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા વેરિફિકેશન કરતી હતી. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાની નવી સૂચનાઓ અનુસાર, આ પ્રક્રિયા ફક્ત ૧૮ વર્ષ પૂર્ણ કરનારા યુવાનો માટે જ લાગુ થશે. એકવાર આધાર કાર્ડ બની ગયા બાદ તેઓ સામાન્ય પ્રક્રિયા મુજબ તમામ પ્રકારના અપડેટ પણ કરી શકશે. તે જ સમયે જે લોકોના આધાર કાર્ડ પહેલાથી જ બનેલા છે તેમને આ નવી સિસ્ટમમાંથી પસાર થવું પડશે નહીં. આ ઉપરાંત કોઈ વ્યક્તિ તમારો આધાર નંબરની મદદથી બેન્ક એકાઉન્ટ હેક નહીં કરી શકે. જો તમે તમારી પર્સનલ બેન્કિંગ માહિતી જેમ કે, ઈન્ટરનેટ બેન્કિંગનો પાસવર્ડ, પિન અથવા OTP કોઈ સાથે શેર નથી કર્યો, તો તમારૂં બેન્ક એકાઉન્ટ સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે. આ નિયુક્ત અધિકારીઓ દ્વારા વેરિફિકેશન પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ કાર્ડ જારી કરવામાં આવશે. ફિઝિકલ વેરિફિકેશન માટે ડિસ્ટ્રિક્ટ હેડ પોસ્ટ ઓફિસ અને અન્ય આધાર કેન્દ્રોને ખાસ પસંદ કરવામાં આવશે. આધાર જનરેટ કરવામાં ૧૮૦ દિવસ જેટલો સમય લાગી શકે છે નવી સિસ્ટમમાં નવો આધાર જારી કરવામાં ૧૮૦ દિવસ જેટલો સમય લાગી શકે છે. આ હેઠળ, આધાર નોંધણી (એપ્લિકેશન) પછી, UIDAI ડેટાની ગુણવત્તા તપાસશે અને પછી સેવા પ્લસ પોર્ટલ ઉપર એપ્લિકેશન મોકલશે. અરજદાર દ્વારા સબમિટ કરાયેલા તમામ દસ્તાવેજોની ભૌતિક ચકાસણી થશે. આ પછી SDM કક્ષાએથી આધાર જારી કરવાની પરવાનગી આપવામાં આવશે. જો દસ્તાવેજો શંકાસ્પદ અથવા ખોટા જણાય તો અરજી નામંજૂર કરવામાં આવશે. પ્રાપ્ત નિર્દેશો અનુસાર, અરજદાર માટે ભૌતિક ચકાસણી દરમ્યાન સ્થળ ઉપર હાજર રહેવું ફરજિયાત રહેશે. આ માટે, અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રહેતા અરજદારોને ચકાસણી માટે તેમના ગૃહ રાજ્યમાં પાછા ફરવાની સલાહ આપવામાં આવશે.

# RTEના વિદ્યાર્થીઓની બેંક વિગતો અપડેટ કરવા સ્કૂલોને આદેશ

અમદાવાદ, તા.૨૮

RTEના વિદ્યાર્થીઓના મળવાપાત્ર સહાય બેંકની વિગતોના લીધે રિજેક્ટ થઈ હોવાનું સામે આવતા સ્કૂલોને વિગતો અપડેટ કરવા માટે સૂચના અપાઈ છે. આ વિગતો અપડેટ કરવામાં આવ્યા બાદ જ સ્કૂલોને મળવાપાત્ર બીજા સત્રની ફીની રકમ જમા કરવામાં આવશે તેમ જણાવાયું છે. ઉપરાંત ઓછી હાજરીના લીધે જે વિદ્યાર્થીઓને સહાય મળી નથી તે વિદ્યાર્થીઓને સ્કૂલોએ સહાય ન મળી હોવાની જાણ કરવાની રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર ચાલુ વર્ષે RTE હેઠળ અભ્યાસ કરતા ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓની સહાય રૂા.૩ હજાર અને શાળાની ફીની ચૂકવણીની વિગતો ઓનલાઈન વેબસાઈટ ઉપર અપલોડ કરવા શાળાને જણાવાયું હતું. જેમાંથી આશરે ૭૫ હજાર બાળકોના એકાઉન્ટમાં રૂા.૩ હજારની સહાય જમા કરવામાં આવી હતી. ઉપરાંત સ્કૂલોએ પોર્ટલ ઉપર દર્શાવલી વિદ્યાર્થીઓની હાજરી અને રજુ કરેલા આધાર પુરાવા મુજબ આશરે ૧૫ હજાર બાળકોની ગત વર્ષની હાજરી ૮૦ ટકાથી ઓછી હોવાથી સહાય મળવાપાત્ર રહેતી નથી. જેથી જે વિદ્યાર્થીઓને સહાય મળી નથી તે વિદ્યાર્થીઓને સ્કૂલોએ જ જાણ કરવાની રહેશે. આવા બાળકોને સીધા જ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે ન મોકલવા માટે તાકીદ કરવામાં આવી છે. તેમજ પોર્ટલ ઉપર લોગિન કરી પ્રિન્ટ કાઢી શાળાના નોટીસ બોર્ડ ઉપર લગાવવા જણાવવામાં આવેલ છે. તેમજ યાદી મુજબની શાળાના સામે દર્શાવેલા મુજબના વિદ્યાર્થીઓની બેંક વિગતો રિજેક્ટ થયેલી છે. જે વિદ્યાર્થીની બેંક વિગતો અપડેટ કરવા માટે જણાવવામાં આવ્યું છે.

# શિયાળામાં કમઠાણ ! વરસાદ સાથે થશે નવા વર્ષની શરૂઆત

અમદાવાદ તા.૨૮

શિયાળો ધીરે-ધીરે જામી રહ્યો છે અને જામતા શિયાળામાં પાછા વરસાદના સમાચાર આવ્યાં છે અને તે પણ નવા વર્ષના દિવસે. ભારતીય હવામાન વિભાગની આગાહી છે કે, ૩૦ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરીની વચ્ચે દિલ્હી સહિત અનેક રાજ્યોમાં વરસાદની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી સાચી માનીએ તો નવા વર્ષ (૨૦૨૪)ની શરૂઆત વરસાદ સાથે થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૨૯ ડિસેમ્બરથી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ લો લેવલ ઈસ્ટરલી પવનોના સંપર્કમાં આવશે ત્યારે તેની અસર સમગ્ર ઉત્તર પશ્ચિમ ભારતમાં જોવા મળશે. તેના કારણે ૩૦ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી, ૨૦૨૪ દરમ્યાન મધ્ય ભારત સહિત ઉત્તર પશ્ચિમ વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, દિલ્હી, યુપી, લદાખ, હિમાચલ, મધ્યપ્રદેશ તથા ગુજરાતમાં વરસાદની સંભાવના છે. ગુજરાતના ખેડૂતોના શિયાળુ પાક પર ફરી એકવાર સંકટ સર્જાયુ છે. મુશ્કેલી ભર્યા કમોસમી વરસાદને લઈ અંબાલાલ પટેલે ફરી એકવાર આગાહી કરી છે. અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, ૧થી ૫ જાન્યુઆરી સુધીમાં કમોસમી વરસાદ વરસી શકે છે. પૂર્વ દક્ષિણ અને સૌરાષ્ટ્રમાં વરસાદ વરસી શકે છે. અંબાલાલ પટેલે કહ્યું કે, ૬ જાન્યુઆરીથી હવામાનમાં પલટો આવશે તેમજ આ સમયે અરબસાગર અને પશ્ચિમ બંગાળમાં અસર રહેશે. વધુમાં કહ્યું કે, જેના કારણે ઉત્તરાયણમાં ગુજરાતમાં વાદળવાયુ વાતાવરણ રહી શકે છે. ૨૯ ડિસેમ્બરે હાડ થીજવતી ઠંડીની શક્યતા પણ સેવાઈ રહી છે. ગુજરાતનાં ઉત્તરીય ભાગમાં તાપમાન ઘટતા ઠંડીનો ચમકારો અનુભવાશે તેમ પણ આગાહી કરાઈ છે.

# જૈન અનુષ્ઠાન સંસ્થા દ્વારા અમદાવાદનાં વાસણા ખાતે ભક્તામર હીલીંગ મહાશિબિરનું આયોજન

અમદાવાદ, તા. ૨૮

અમદાવાદનાં ઈતિહાસમાં સૌપ્રથમ વાર જૈન અનુષ્ઠાન સંસ્થા દ્વારા ૧૩ દિવસીય ભક્તામર હીલીંગ મહાશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિભિન્ન પ્રકારના વિષયોનું તાલીમબધ્ધ શિક્ષણ આપી નવા હિલરો તૈયાર કરવામાં આવશે. જૈન અનુષ્ઠાન સંસ્થા છેલ્લા ૭ વર્ષથી લગાતાર વિભિન્ન ક્ષેત્રમાં સમાજ સેવા અને સ્વાસ્થ્ય જતન સેવાનાં કાર્યો કરી રહી છે. તેમાં વર્ષ ૨૦૨૪નાં શુભારંભમાં ''સર્વ ભવન્તુ સુખીનઃ'' નાં સંકલ્પ સાથે આ મહાશિબિરનું આયોજન તા. ૧ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી સુધી વાસણા અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં નવા વર્ષ ૨૦૨૪નાં શુભારંભમાં ૨૨ દેશોના ૧ કરોડ લોકો ભક્તામર હીલીંગથી પ્રોઝિટિવ એનર્જીનો લાભ લેશે. જૈન અનુષ્ઠાન સંસ્થાનાં સંસ્થાપક ડો. નિકુંજ ગુરૂએ જણાવ્યું છે કે, વર્તમાન સમયમાં અનેકવિધ સમસ્યાઓથી સમાજ પીડાય રહ્યો છે, અનેક રોગોનો શિકાર બની રહ્યો છે ત્યારે આપણી પ્રાચીન પધ્ધતિ-સંગીત ચિકિત્સા, મંત્ર ચિકિત્સા, ધ્યાન અને યોગ દ્વારા અનેક પરિણામો જોઈ શકાય છે અને ભક્તામર હીલીંગ સાધનાથી પોઝિટિવ એનર્જી (સકારાત્મક ઉર્જા) મેળવી રોગમુક્ત થઈ શકાય છે. તમામ કેન્સર, ડાયાબિટિસ, ડિપ્રેશન, હેલ્થનાં કોઈપણ ઈશ્યુમાં ભક્તામર સ્ત્રોત્રનાં પ્રભાવો તુરંત જોવા મળે છે અને તે શાસ્ત્ર પ્રમાણિત છે. આ સ્ત્રોત્રનાં માધ્યમથી વ્યકિત સ્વયં કેવી રીતે ૨૧ થી ૧૮૦ દિવસમાં પૂર્ણ સ્વસ્થ બની આનંદયુક્ત જીવન મેળવે, સાથે સાથે પારસ ચેનલ અને જૈન અનુષ્ઠાનનો યુ-ટ્યુબ ચેનલનાં માધ્યમથી પણ દેશ-વિદેશના તમામ સાધકો ઘરે બેઠા આ સેવાનો લાભ લઈ શકે છે. જૈન અનુષ્ઠાનનો એક જ સંકલ્પ છે કે આખું વિશ્વ સ્વસ્થ-સમૃધ્ધ બને અને સર્વેને ઈચ્છીત વસ્તુઓની પ્રાપ્તિ થાય. આ શિબિરમાં રજીસ્ટ્રેશન માટે jain Anusthan.com પર સંપર્ક કરી શકે છે તેમ એક યાદિમાં જણાવેલ છે.

# અયોધ્યા કળશ યાત્રાનું ચિત્રકૂટ ધામ, તલગાજરડા ખાતે આગમન થયું

## પૂ.મોરારીબાપુએ અયોધ્યા કળશનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું



તલગાજરડા તા. ૨૮

અયોધ્યામાં ભગવાન શ્રી રામના નવનિર્માણ પામી રહેલ ભવ્ય અને દિવ્ય મહામંદિર તરફથી સમગ્ર દેશમાં "ઘર ઘર અયોધ્યા અભિયાન" આરંભાયું છે. આ અભિયાન અંતર્ગત, શ્રી રામ જન્મભૂમિ, અયોધ્યાથી આવેલ "અયોધ્યા કળશ યાત્રા" નું ચિત્રકૂટધામ, તલગાજરડા ખાતે આગમન થયું હતું.

સવારના આઠ કલાકે શ્રી હનુમાનજીની મહારાજ સમક્ષ અયોધ્યા કળશ પધરાવીને હનુમાન ચાલીસાના પાઠનું સમુહ ગાન થયું. ત્યારબાદ ત્યાંથી અયોધ્યા કળશ યાત્રા ધામધૂમથી તલગાજરડાના રામજી મંદિર પરિસરમાં પહોંચી હતી. જ્યાં પૂ.મોરારીબાપુએ અયોધ્યા કળશનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું અને યાત્રામાં ઉપસ્થિત મહેમાનો અને ગ્રામજનોના જયઘોષ વચ્ચે પૂજ્ય બાપુના વરદ પાવન હસ્તે કળશને રામજી મંદિરના ગર્ભગૃહમાં પધરાવવામાં આવ્યો હતો. પૂજ્ય બાપુએ આ મંગલ કાર્ય સંદર્ભે સમર્પિત સહુ સેવાભાવી કાર્યકરો અને સંસ્થાઓને સાધુવાદ આપ્યા હતા. બાવીસમી જાન્યુઆરીએ અયોધ્યા ખાતે શ્રીરામ મંદિરનો ભવ્યાતિભવ્ય શિલાન્યાસ યોજાવાનો છે, એ પરમ પવિત્ર ઘડીનું સ્મરણ કરીને પૂજ્ય બાપુએ પોતાની ખૂબ ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. વિશ્વને હવે જ્યારે "રામ રાજ્ય" મળી રહ્યું છે, એવી પરમ ઐતિહાસિક ઘટનાના આપણે સહુ - આપણાં સ્થાને રહીને પણ- સાક્ષી બનીએ અને વૈદિક સનાતન ધર્મી હિંદુ તરીકે, ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠાને આ અતિ પાવન દિવસને અંતઃ કરણની પ્રસન્નતા સાથે મહા ઉત્સવ તરીકે ઉજવીએ. અત્રે ઉલ્લેખનીય છે કે પૂજ્ય બાપુ ૨૨ જાન્યુઆરીની સાંજે ચિત્રકૂટ ધામ, તલગાજરડાના પ્રતિનિધિ તરીકે અને ત્રિભુવની વ્યાસપીઠના કરોડો શ્રોતાઓના પ્રતિનિધિ સ્વરૂપે પહોંચીને આપણાં સહુ વતી ભગવાન રામલલ્લાના ચરણોમાં શીશ નમાવવાના છે.

### સોમનાથ-વેરાવળના અગ્રણી

# મુકેશ ચોલેરાની શાળા વિકાસ સમિતિના સભ્ય તરીકે નિમણૂંક



વેરાવળ તા. ૨૮

સોમનાથ-વેરાવળના અગ્રણી અને ભાજપના સક્રિય કાર્યકર મુકેશ ચોલેરાની જીલ્લા શિક્ષણ અધિકારીએ વેરાવળ બોયઝ હાઈસ્કુલ શાળા વિકાસ સમિતિના સભ્ય તરીકે વર્ષ ૨૦૨૩-૨૪ માટે નિમણૂંક કરી છે. સમિતિમાં પ્રજાના બે અને ત્રણ નિવૃત્ત સરકારી અધિકારી હોય છે જે શાળાના વિકાસ માટેની ગ્રાન્ટ મંજુરી સ્થાનિક જરૂરત મુજબ મંજુરી આપે છે. જીલ્લા શિક્ષણ અધિકારી ડોડીયા, ખાંભલા તથા સ્નેહીજનોએ આ નિમણૂંકને આવકારી આપી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.

# જમાતુલ આરબ જૂનાગઢ દ્વારા સ્નેહમિલન સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન

જૂનાગઢ તા. ૨૮

જમાતુલ અરબ જૂનાગઢ દ્વારા આગામી તા.૩૦ તથા ૩૧ ડીસે.ના રોજ સીંગાપુરવાલા હોલ, ઝાલોરાપા ખાતે આરબ જમાતના મર્હુમોના ઈસાલે સવાબ અર્થે તથા જમાતના બુઝુર્ગ મુરબ્બી જમાતીઓ કે જેની છત્રછાયા નીચે આપણે છીએ તેઓનું સન્માન કરવા તેમજ જમાતને સંગઠીત કરવા માટે એક સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે તા.૩૦-૧૨-૨૩ ને શનિવારે સાંજે ૫.૩૦ કલાકે ઓરતોમાં કુર્આન ખ્વાની, તેમજ તેજ દિવસે રાત્રે ૧૦ કલાકે યુવા સંગઠનનો કાર્યક્રમ, તા.૩૧-૧૨-૨૩ રવિવારે સવારે ૧૧.૩૦ કલાકે જમાતને સંગઠીત બનાવવા વિષે ચર્ચા વિચારણાનો કાર્યક્રમ, તેમજ તેજ દિવસે ૧૨.૩૦ કલાકે જમાતી ભાઈ-બહેનો માટે જમણવારનું આયોજન રાખેલ છે. આ પ્રસંગે જમાતના તમામ સભ્યોને ફરજીયાત ઉપસ્થિત રહેવા જમાતના પ્રમુખ-ઉપપ્રમુખ તથા કારોબારી દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# અશ્લીલ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી યુવાનને બ્લેક મેઈલ કરતા આરોપીને ઝડપી લેતી ઉના પોલીસ



ઉના તા. ૨૮

ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ ઊના પોલીસને બાતમી આપેલ કે કોઈ યુવાન ઈન્ટરનેશનલ કોલ નંબર ઉપરથી એક યુવાનનો અશ્લિલ ન્યૂડ વીડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી બ્લેક મેઈલ કરતો હોય, યુવાન પાસેથી પ્રથમ ૮૦૦૦/રૂપિયાની માંગણી કરેલ અને રૂપિયા ૩૦૦૦ પડાવેલ અને પછી બીજા રૂપિયા પડાવવા ફોન કરી ધમકી આપતો હોય તેથી પોલીસની મદદ લેતા જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાની સૂચનાથી ઊનાના પોલીસ ઈન્સ્પેકટર એન. કે. ગૌસ્વામીએ સર્વલન્સના સ્ટાફને કામગીરી સોંપતા ટેકનિકલ સર્વલન્સની મદદથી યુવાનનું લોકેશન ઊનામાં મળતાં પોલીસે ઊનાના નીચલા રહીમ નગરમાં રહેતો મોહિનખાન હુશેનખાન પઠાણ (ઉ.વ.૨૦) ને દબોચી લીધો હતો. અને વધુ કેટલા લોકોને શિકાર બનાવેલ છે કે કેમ તેની તપાસ કરી રહી છે. જિલ્લા પોલીસ વડાએ રંગીન મિજાજના યુવાનોને આવા કોલ ફેશબુક ઉપર નિશાન બનવતા તત્વો સામે ધ્યાન રાખવા જણાવેલ હતું.

# કોડીનાર જેટકો દ્વારા ઊર્જા બચત અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## રસ્તે પસાર થતાં રાહદારીઓને રોકી સન્માન કરી ઊર્જા બચત અંગેની સમજણ આપાઈ



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૮

૬૬ કેવી જેટકો ટી.આર. ડિવિઝન દ્વારા કોડીનાર ખાતે ઉર્જા બચત અને ઊર્જા કાર્યક્ષમતાની ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ હેઠળ વીજ ગ્રાહકોને તેમજ રસ્તે પસાર થતાં રાહદારીઓને રોકી સન્માનિત કરી બિનજરૂરી વીજ ઉપકરણો બંધ રાખી એની સોર્ય ઉર્જાનો ઉપયોગ કરી વીજ બચાવના ફાયદા ગણાવી, વીજ બચત કરતા ઉપકરણોની સમજણ આપી વધારે કાર્યક્ષમતાવાળા ઉપકરણો વાપરવાની સમજણ આપી હતી. સાથો સાથ ઉર્જા બચાવો સ્લોગન, પોસ્ટ્સ તેમજ પત્રિકાથી માહિતી આપી હતી. જેટકોના આ કાર્યને સૌએ આવકાર્યું હતું. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર બી.એન. પરમાર, ડેપ્યુટી ઈજનેર એમ.એચ.ભટ્ટ, જુનિયર ઈજનેર એમ.જે.બારડ, એસ.એ.બારડ, સુરેશભાઈ ડોડીયા, જે.બી બારડ, વાઢેળ તેમજ જેટકો તથા પીજીવીસીએલના સ્ટાફગણએ હાજરી આપેલ હતી. આ કાર્યક્રમમાં એમ.જે.બારડ તેમજ એસ.એ.બારડ તેમજ જેટકો સ્ટાફ ગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# ભારતે વર્ષમાં ૩૦૦૦ કરોડથી વધુના શસ્ત્રોની નિકાસ કરી



નવી દિલ્હી, તા.૨૮

ભારતીય સુરક્ષા મંત્રાલય જણાવ્યું હતું કે આ વર્ષે ગત વર્ષે સરખામણીમાં ૩૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધુના શસ્ત્ર સરંજામની નિકાસ થઈ છે. આ સાથે જ દેશમાં એક લાખ કરોડ રૂપિયાના સુરક્ષા સરંજામનું ઉત્પાદન થયું છે. આ વર્ષે સમગ્ર દુનિયામાંથી એલસીએ તેજસ, હળવા લડાકુ હેલિકોપ્ટર, એરક્રાફ્ટ કેરિયર અને અન્ય શસ્ત્રોની માંગ રહી હતી.ભારતીય સેનાઓને આધુનિક બનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર મિશન હેઠળ મોટાભાગની વસ્તુ, હથિયારો, ઉપકરણને ભારતમાં જ બનાવવા પર ભાર આપવામાં આવેલ છે તેને કારણે ભારતની સરહદ સુરક્ષા વધી છે. સુરક્ષા મંત્રાલયના અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૩માં આશરે ૧૬,૦૦૦ કરોડ રૂપિયાના નિકાસ થઈ છે. ભારતીય સુરક્ષા મંત્રલયે માહિતી આપી દેશમાં એક લાખ કરોડ રૂપિયાના સુરક્ષા સરંજામનું ઉત્પાદન થયું જે ગત વર્ષની સરખામણીમાં તે ૩,૦૦૦ કરોડ રૂપિયા વધુ છે જ્યારે ૨૦૧૬-૧૭ની સરખામણીમાં દસ ગણું વધારે છે.ભારત હાલમાં ૮૫થી વધુ દેશોમાં સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ કરી રહ્યું છે. ભારતની ડિઝાઈન અને ટેકનોલોજી શ્રેષ્ઠ સાબિત થઈ છે. હાલમાં દેશની ૧૦૦થી વધુ કંપનીઓ અન્ય દેશોમાં સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ કરી રહી છે. આમાં હથિયારોથી લઈને એરક્રાફ્ટ, મિસાઈલથી લઈને રોકેટ લોન્ચર સુધીનો સમાવેશ થાય છે. સૈન્ય બાબતોના વિભાગની પાંચમી પોઝીટીવ ઈન્ડિયાઈઝેશન લીસ્ટમાં ૯૮ એવી વસ્તુઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેની નિકાસ કરવામાં આવી રહી છે. તેમાં એચસીએસ, સેન્સર, હથિયાર અને દારૂગોળો પણ સામેલ છે. આ તમામ વસ્તુઓ સંપૂર્ણપણે ભારતમાં બનાવવામાં આવી રહી છે. અગાઉ પીઆઈએલની યાદીમાં ૪૧૧ સૈન્ય ઉત્પાદનો હતા પરંતુ બાદમાં તે વધીને ૪૬૬૬ થઈ ગઈ છે.વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ડિફેન્સ કેપિટલ પ્રોક્યોરમેન્ટ બજેટમાં સ્વદેશી હિસ્સો ૬૮ ટકા હતો. આગામી સમય માટે તે વધારીને ૭૫ ટકા કરવામાં આવ્યો છે. રક્ષા મંત્રી રાજનાથ

# પહેલા ગાડીના ટાયર કાળા નહી પણ સફેદ હતા

નવી દિલ્હી, તા.૨૮

આજે સામાન્ય રીતે રોડ પર દોડતા વાહનો પર કાળા ટાયર જ જોવા મળે છે. સંભવ છે કે ૧૦ માંથી ૧૦ વાહનોના ટાયર કાળા દેખાય. પરંતુ હંમેશાથી આવું નહતું. એક સમય હતો જ્યારે ટાયર કાળા નહીં સફેદ હતાં. આ શરુઆતી કારના સમયની વાત છે. એવું કેમ હતું અને આખરે તેનો રંગ કેમ બદલવામાં આવ્યો? આ એક રસપ્રદ વાત છે. પહેલા પૈડા લાકડાના બનેલા હતા. લાકડાનું પૈડું લોખંડની પરત ચઢાવવામાં આવતી હતી. ૧૯મી સદીના મધ્યમાં રબરનો ઉપયોગ થવા લાગ્યો. ત્યારબાદ લોખંડની જગ્યા રબરના જ ટાયરનો ઉપયોગ થવા લાગ્યો. રબરના ટાયર બનાવવાનું શુ થયું અને પછી ધીમે-ધીમે તેમાં બદલાવની સાથે તેને બહેતર કરવામાં આવ્યું. ૧૮૪૫માં પહેલીવાર હવાથી ભરેલા ઈન્ફ્લેટેબલ ટાયર રજૂ કરવામાં આવ્યા હત, પરંતુ લોકોએ તેનો ઉપયોગ કર્યો નહીં અને ખત્મ થઈ ગયા. ૧૮૮૮માં, તેઓ ફરી એકવાર બજારમાં લાવવામાં આવ્યા અને આ વખતે લોકોએ તેમને સ્વીકારી લીધા. આવું કેમ થયું તે એક અલગ કહાની છે. પહેલા ટાયરનો રંગ સફેદ હતો. રબર સફેદ અથવા હલ્કો પીળો-સફેદ હતો, તેથી ટાયર પણ સમાન રંગના બનેલા હતા. આ સાથે, તેને મજબૂત કરવા અને તેની પકડ વધારવા માટે રબરમાં ઝિંક ઓક્સાઈડ ઉમેરવામાં આવ્યું હતું. જેના કારણે ટાયર સાવ સફેદ થઈ જતા હતાં. પરંતુ આ ટાયરમાં સમસ્યા હતી, તે ઝડપથી બગડી જતા અને તે ટકાઉ નહતાં. ૨૦મી શતાબ્દીની શરુઆતમાં આ સમસ્યાનું નિરાકરણ મળી ગયું હતું. ૧૮મી સદીના અંતમાં, કંપનીઓને અહેસાસ થવા લાગ્યો કે તેઓને સફેદ ટાયરનો વિકલ્પ શોધવાની જરૂર છે કારણ કે તે ખૂબ જ ઝડપથી ખાઈ જાય છે. ૧૯મી સદીના અંત સુધીમાં તેનું ઓપ્શન મળ્યું. કાર નિર્માતા કંપની વેબસાઈટ અનુસાર, ખાલી રબરની જગ્યાએ રબરને સૂટ સાથે મિક્સ કરવામાં આવતાં. તેમાં મોટાભાગની માત્રા કારબ્નની હતી તેથી ટાયર કાળા થવા લાગ્યા. ત્યારબાદ સૂટની જગ્યાએ કાર્બન બ્લેકને મિશ્રણમાં કરવા લાગ્યું. તેનાથી ટાયરનો રંગ તો કાળો જ રહ્યો, સાથે જ ટાયરોના ઘસારાની પ્રતિરોધક ક્ષમતા પણ વધારવામાં આવી. એવું માનવામાં આવતું હતું કે પહેલાં જ્યાં ફક્ત રબરવાળા ટાયર ૫૦૦૦ કિમી ચાલતાં હતાં. નવા ટાયર ૧૫૦૦૦ કિમી ઉપર ચાલવા લાગ્યાં. નોંધનીય છે કે ૧૯૨૦-૩૦ના દાયકામાં કંપનીઓએ પોતાની જાતને અલગ પાડવા માટે સફેદ દિવાલના ટાયર બનાવ્યા હતા.

# ખંભાળીયાના રજવાડી ગેઈટને હેરિટેજ લૂક આપવા પાલિકા દ્વારા ડિમોલિશન હાથ ધરાયું



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૮

ખંભાળિયા શહેરના જુદા જુદા વિસ્તારોમાં પ્રાચીન ગેઈટને હેરિટેજ લુક આપવા માટે આ ગેઈટની નજીકના વિસ્તારોમાં જુદા જુદા પ્રકારના અનધિકૃત બાંધકામ દૂર કરવાના આયોજનમાં ગઈકાલે મંગળવારે સાંજે અહીંના સલાયા ગેઈટ તથા દ્વારકા ગેઈટ વિસ્તારમાંથી જુદા જુદા પ્રકારનું બાંધકામ દૂર કરવામાં આવ્યું હતું.

ખંભાળિયાના સલાયા ગેઈટ, દ્વારકા ગેઈટ તથા પોર ગેઈટ વિસ્તારમાં આવેલા રજવાડાના સમયના - દાયકાઓ જુના પ્રાચીન અને આકર્ષક ગેઈટને નવેસરથી સુશોભિત કરવા અને પ્રાચીન ધરોહર જાળવી રાખવાના આશય સાથે સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખ ઘટક હેઠળ હેરિટેજ સ્થળોને ડેવલપ કરવા આ રજવાડાના સમયના જુદા જુદા ગેઈટને આકર્ષક અને હેરિટેજ લુક આપવાનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો હતો.

આશરે રૂપિયા ૩.૫૦ કરોડના ખર્ચે મંજૂર થયેલા આ પ્રોજેક્ટ માટે આ ગેઈટને અડીને કરવામાં આવેલા કેટલાક બાંધકામને સ્વૈચ્છિક રીતે દૂર કરાવા જે તે આસામીઓને નોટિસ આપી દેવામાં આવી હતી. આના અનુસંધાને મંગળવારે સાંજે તંત્ર દ્વારા સલાયા ગેઈટ અને દ્વારકા ગેઈટ ખાતે જેસીબી જેવા સાધનોની મદદથી બાંધકામ દૂર કરવા માટેની કામગીરી કરવામાં આવી હતી.

આ કામગીરી દરમ્યાન નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ તથા ઈજનેર એન. આર. નંદાણીયા સાથે હેરિટેજના કોન્ટ્રાક્ટર, પાલિકા સ્ટાફ, પીજીવીસીએલ તંત્ર તેમજ પોલીસ સ્ટાફ પણ આ સ્થળે હાજર રહ્યો હતો. જેના કારણે કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો ન હતો.

મંગળવારે મોડી સાંજ સુધી કરવામાં આવેલી આ કાર્યવાહીમાં બંને સ્થળોએ મળી આશરે ૩૫ જેટલા મકાનો, દુકાનો તેમજ કેબીનોને દૂર કરી દેવામાં આવી હતી. આ સ્થળોએથી કાટમાળ હટાવવા તેમજ અન્ય કામગીરી પણ આગામી સમયમાં કરવામાં આવનાર છે.

### કોડીનાર સુરત કતારગામના રૂટના ડ્રાઈવર કંડકટરે

# બસમાં ભુલાઈ ગયેલ પાકીટ અને મોબાઈલ મૂળ માલિકને પરત કર્યા



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૮

કોડીનાર ડેપોના રૂટની ચાર વાગ્યે સુરતથી કોડીનાર આવવા માટે ઉપડતી બસમાં ઉના સુધી મુસાફરીમાં બેઠેલા એક મુસાફર ઉના ઉતરી જતા તેમનો ફોન અને પાકીટ બસમાં ભુલાઈ ગયું હતું. ત્યારબાદ બસ કોડીનાર પહોંચતા બસની અંદર નજર કરતા ડ્રાઈવર કંડકટરની નજરે પડતું પર્સ ડ્રાઈવર કંડક્ટરે તાત્કાલિક ધોરણે ટ્રાફિક કંટ્રોલર નોઘણભાઈ વાળાને જાણ કરી હતી. ત્યારબાદ માલિકનો કોન્ટેક કરી અને મૂળ માલિકને પાકીટ તેમજ પાકીટમાં રહેલા અગત્યના એટીએમ, ક્રેડિટ કાર્ડ, આધાર કાર્ડ, બે ફોન અને આશરે ૪૦ હાજાર રૂપિયા જેવી રકમની વસ્તુ પરત કરી હતી. ત્યારબાદ મુસાફરે કંડકટર સંદીપભાઈ ચાવડા અને ડ્રાઈવર ગીગાભાઈ ચુડાસમાનો આભાર માન્યો હતો. આવા સરાહનીય કાર્ય બદલ ડેપોના ડેપો મેનેજર આર. કે. મગરા દ્વારા ડ્રાઈવર અને કંડકટરને બિરદાવ્યા હતા.

# ઉનાના ડુપ્લીકેટ આધાર કાર્ડ મામલે એસપીએ યોજી પ્રેસ કોંફરન્સ, ત્રણ આરોપીઓની ધરપકડ કરાઈ










● બે વર્ષમાં ૧૨૦૦ જેટલા આધારકાર્ડ બનાવ્યા જેમાંથી ૪૦ ડુપ્લીકેટ બનાવ્યાનો તપાસમાં ઘટસ્ફોટ ● રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલું ક્રાઈમ હોવાથી વિવિધ એજન્સી તપાસમાં જોડાઈ ● ઉત્તરપ્રદેશના પાંચ આધારકાર્ડ કેન્દ્રના આઈડી ધારકોની સંડોવણી સામે આવી ● એક ડુપ્લીકેટ કાર્ડ બનાવવા માટે ૧૨૦૦ થી ૨૫ હજાર સુધીની રકમ વસુલતા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

ગીર સોમનાથના ઉનામાં ડુપ્લીકેટ આધાર કાર્ડ મામલે ઉત્તરપ્રદેશના પાંચ શખ્સોની મદદથી બે વર્ષમાં ૧૨૦૦ જેટલા આધારકાર્ડ બનાવેલ જેમાંથી ૪૦ ડુપ્લીકેટ બનાવ્યાનો પ્રાથમિક તપાસમાં ઘટસ્ફોટ થતા હાલ મુખ્ય સુત્રધાર સહિત ત્રણ શખ્સોની અટકાયત કરી આગળ તપાસ હાથ ધરી છે. આ કૌભાંડ રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલું ક્રાઈમ હોવાથી સુરક્ષાની વિવિધ એજન્સી તપાસમાં જોડાઈ છે. આગામી દિવસોમાં વધુ કેટલાક લોકોની સંડોવણી સામે આવે તેવી શકયતાઓ વર્તાઈ રહી હોવાનું પોલીસે જણાવ્યુ છે.

દેશની રાષ્ટ્રીય સુરક્ષા સામે ગંભીર સવાલ ઉભા કરનાર કૌભાંડનો જિલ્લા પોલીસે પર્દાફાશ કર્યો છે. જે અંગે જીલ્લા પત્રકાર પરીષદમાં માહિતી આપતા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ જણાવેલ કે, ઉના ખાતે બસ સ્ટેશન વિસ્તારમાં દરબારી આધાર સેન્ટરમાં ડુપ્લિકેટ કાર્ડ નીકળતા હોવાની માહિતી મળતા પોલીસે દરોડો પાડયો હતો. ત્યારે ત્યાં જે લોકોના આધારકાર્ડ નિકળી શકે તેમ ન હોય તેવા લોકોના આધાર કાર્ડ કાઢવા માટે જરૂરી ડોક્યુમેન્ટ ખોટા તૈયાર કરવાની કામગીરી થતી હોવાનું જોવા જાણવા મળેલ હતુ.

સેન્ટરમાંથી પાંચ રજીસ્ટરો જેમાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ દરમ્યાન કાઢેલ કુલ ૧૨૮૧ થી વધારે કાઢેલ કાર્ડની એન્ટ્રી તેમજ ગ્રાહકો પાસેથી મેળવેલ કુલ રોકડ રકમ રૂા.૧૬,૯૭,૫૯૦ થી વધારાનો હિસાબ હતો. આ ઉપરાંત કોમ્પ્યુટર, પ્રિન્ટર, લેપટોપ, લેમીનેશન મશીન, વેબકેમેરો, ફિંગરપ્રિન્ટ, કટર મશીન, ૨૭ આધારકાર્ડ, ૬ ચૂંટણી કાર્ડ, ૫ પાન કાર્ડ, ૨ પાસપોર્ટ, ૨ રેશનકાર્ડ, ૨ ડ્રાઈવીંગ લાયસન્સ, શ્રમયોગી-આયુષમાન કાર્ડ, ૧૪ જન્મતારીખના દાખલા તથા રોકડ રૂા.૧૦ હજાર મળી કુલ ૯૭ હજારનો મુદામાલ મળી આવતા જપ્ત કરવામાં આવેલ હતો. વધુમાં પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ કહેલ કે, આ કૌભાંડ બેએક વર્ષથી ચાલી રહ્યુ હતુ. જેમાં મુખ્ય સુત્રધાર અસલમ ઈસ્માઈલ શેખ વર્ષ ૨૦૨૨ થી દરબારી આધાર સેન્ટર ખોલી તેમાં સરકારી યોજનાના ફોર્મ ભરવાનું અને ડોક્યુમેન્ટ કાઢી આપવાનું કામ કરતો હતો. આ કામગીરીમાં શબ્બીર સુમરા ૬ હજારના પગારથી સેન્ટરમાં કોમ્પ્યુટરની ઓનલાઈન કામગીરી કરતો જયારે જાવીદ ઉર્ફે ભુરો ઈબ્રાહીમ મન્સુરી ગ્રાહકો લઈ આવી સેન્ટરના ચોપડામાં નોંધ કરવાની કામગીરી કરવાની ૬ હજારના પગારથી નોકરી કરતો હતો. આ કૌભાંડમાં મુખ્ય સુત્રધાર અસલમ શેખએ અત્યાર સુધીમાં ૧૨૮૧ જેટલા કાર્ડ બનાવ્યા હોય જેમાંથી ૪૦ ડુપ્લીકેટ બનાવ્યા હોવાનો પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે. આ શખ્સો નવું આધાર કાર્ડ કાઢી આપવાના રૂ.૪ થી ૨૩ હજારની રકમ વસુલતા, જન્મતારીખના દાખલામાં સુધારાના રૂ.૩ હજાર વસુલતા, મેરેજ સર્ટીફીકેટમાં સુધારાના રૂા.૫ હજાર વસુલતા, નવો જન્મતારીખનો દાખલો કાઢવા રૂા.૨૫૦૦ વસુલતા, સીનીયર સીટીઝનોનું આધારકાર્ડ કાઢવા માટે રૂા.૧૫ હજાર વસુલતા, NRI લોકોના આધારકાર્ડ કાઢી આપવા રૂા.૮ હજાર વસુલતા, નવું મેરેજ સર્ટી કાઢવાના રૂા.૨૩ હજાર વસુલતા હતા. અસલમ શેખ પાસે વર્ષ ૨૦૨૨ સુધી પોતાના આધારકાર્ડ કાઢવાના લાયસન્સ દરમ્યાન પોતે બનાવેલા ખોટા ડોક્યુમેન્ટ ઓનલાઈન સબમીટ કરાવી અન્યત્ર CSC સેન્ટરમાં ફિંગરપ્રિન્ટ લેવડાવતો હતો. બાદમાં સરકાર તરફથી CSC સેન્ટરોમાં આધારકાર્ડ બનાવવા તથા સુધારા કરવાની કામગીરી બંધ કરવાની આવતા અસલમ શેખએ ઉત્તરપ્રદેશના પાંચ શખ્સોનો સંપર્ક કરી ત્યાંથી ડુપ્લીકેટ આધારકાર્ડ કાઢવાની કામગીરી કરતો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ હોય જેને લઈ આગળ તપાસ હાથ ધરી છે.

આ કૌભાંડનો મુખ્ય સુત્રધાર અસલમ શેખ વર્ષ ૨૦૧૫ માં BCA નો અભ્યાસ પુર્ણ કરી ઉનાના આધારકાર્ડ સેન્ટરમાં નૌકરી કરી હતી. બાદમાં ૨૦૧૭માં ઝજીઝ નું લાઈસન્સ મેળવી ધોરાજી મામલતદાર કચેરીમાં આધારકાર્ડનો કોન્ટ્રાક્ટ રાખેલ જે પુર્ણ થયા બાદ ૨૦૧૯ માં ઉનાની જીૈં બેંકમાં નૌકરી કરી હતી. આમ આ બધી નૌકરીથી અસલમ શેખ આધારકાર્ડ કાઢવાની સમગ્ર કામગીરીથી સારી રીતે વાકેફ હોવાનું તપાસમાં સામે આવ્યુ હોવાનું એલસીબી પીઆઈ એસ.એમ. ઈશરાણીએ જણાવેલ છે.

# જૂનાગઢમાં જુગાર દરોડો : ૩ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેષ જાજડીયા તથા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના મુજબ તથા નાયબ પોલીસ અધિક્ષક હીતેશ ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ તથા જુગારના તથા આવી પ્રવૃતીમાં અગાઉ પકડાયેલ ઈસમો ઉપર ખાસ વોચ રાખી કડક હાથે કામ લેવા સુચના મળેલ હોય, જે અનુસંધાને ''એ''ડીવી.પો.સ્ટે ના પ્રો.પો.ઈન્સ વી.જે. સાવજની સુચના મુજબ "એ" ડીવી.પો.સ્ટે.ના ગુન્હા નિવારણ સ્કોડના પો.સબ.ઈન્સ ઓ.આઈ. સીદી તથા પો. સ્ટાફના માણસો જૂનાગઢ ''એ''ડીવીઝન પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.હેડ.કોન્સ કે.કે.રાઠોડ તથા પો.કોન્સ. કલ્પેશભાઈ ગેલાભાઈનાઓને સંયુક્તમાં તેમના અંગત બાતમીદાર રાહે બાતમી હકીકત મળેલ કે, જૂનાગઢ ચીતાખાનાચોક નજીક લાઈટના અંજવાળે અમુક ઈસમો ગંજીપત્તાના પાના પૈસા વડે રોન પોલીસ નામનો તીન પત્તીનો હાર જીતનો જુગાર રમે છે. તેવી હકીકત મળતા પંચો સાથે ઉપરોક્ત બાતમી હકીકત વાળી જગ્યાએ રેઈડ કરતા કિશોર લક્ષમણભાઈ (જૂનાગઢ), તસ્લીમભાઈ હનીફભાઈ (ચોબારી), દિપકભાઈ સુંદરભાઈ (જૂનાગઢ) જાહેરમાં ગંજીપતાના પાના પૈસા વડે રોન પોલીસ નામનો હારજીતનો જુગાર રમતા હોય જેઓને રોકડા રૂા.૩૪૧૨૦/- તથા ગંજીપતાના પાના નંગ-૫૨ સાથે મળી આવતા પકડી પાડેલ અને તમામ મુદ્દામાલ કબ્જે કરી ''એ''ડીવી પો.સ્ટે. જૂનાગઢમાં જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુન્હો દાખલ કરાવેલ છે.

આ કામગીરી એ ડીવી.પો.સ્ટે.ના પ્રો.પો.ઈન્સ. વી.જે. સાવજની સુચના મુજબ ગુન્હા નિવારણ યુનીટના પો.સબ ઈન્સ. ઓ.આઈ.સીદી તથા પો.હેડ.કોન્સ એસ.આર.ગરચર તથા કે.કે.રાઠોડ તથા ભરતભાઈ વીરાભાઈ તથા પો.કોન્સ. કલ્પેશભાઈ ગેલાભાઈ તથા ભરતભાઈ ભીખુભાઈ તથા રામભાઈ રૂડાભાઈ તથા અજયસિંહ મહિપતસિંહ તથા ભુપતસિંહ ડોલરસિંહ એ રીતેના પોલીસ સ્ટાફનાઓએ સાથે રહી કામગીરી કરેલ છે.

# જૂનાગઢ એસટી નિગમના કર્મચારી વિરૂધ્ધ કન્સેસન પાસમાં ગેરરીતી કરી ઉચાપતની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ એસટી નિગમના એક કર્મચારી વિરૂધ્ધ મુસાફર કન્સેસન પાસમાં ગેરરીતી કર્યા અંગેની ફરિયાદ પોલીસ દફતરે નોંધાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસો આપેલી વિગત અનુસાર વિમલભાઈ મગનભાઈ મકવાણા (ઉ.વ.૪૫) ધંધો નોકરી રહે.સરદારપરા, શેરી નં-૧, જોષીપરા વાળાએ એસટી વિભાગ જૂનાગઢના એક કર્મચારી વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ગત તા.૧-૧-૨૦૨૨થી તા.૩૧-૮-૨૦૨૩ના સમયગાળા દરમ્યાન એસટી નિગમ દ્વારા સરકારી બસમાં મુસાફરી માટે ઈસ્યુ કરવામાં આવતા મુસાફર કન્સેસન પાસમાં ગેરરીતી કરી પોતાના અંગત ફાયદા સારૂ મુસાફરોને કાઢી આપવામાં આવતા પ્રવાસી પાસમાં ગેરરીતી કરી પોતાના અંગત ફાયદા સારૂ મુસાફરોને કાઢી આપવામાં આવતા પ્રવાસી પાસ કુલ-૮૧ મળી આવેલ કે જે પાસની મુસાફર પાસેથી જમા કરવાની થતી રકમ રૂા.૮૭,૪૬૭ની ડીસીસીમાં જમા નહી કરી આ રકમ પોતે રાખી લઈ અને પોતાના અંગત ઉપયોગમાં લઈ આ રકમની ઉચાપત કરી એસટી નિગમ સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ નોંધાવવામાં આવતા આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ઉપલા દાતાર ખાતે પૂ. વિઠ્ઠલબાપુની પાંચમી પુણ્યતિથી નિમિતે સમાધી પૂજનનો કાર્યક્રમ યોજાશે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૮ : જૂનાગઢ કોમિ એકતાના પ્રતિક સમી ઉપલા દાતારની ધાર્મિક જગ્યાના મહંત શ્રી ભીમબાપુની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, આગામી તારીખ પહેલી જાન્યુઆરી અને સોમવારે બ્રહ્મલીન મહંત પૂજ્ય વિઠ્ઠલ બાપુની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે સમાધિ પૂજન અને મહાપ્રસાદનું અનેરૂ આયોજન કરાયું છે.

# કેશોદના સોંદરડા જીઆઈડીસીમાંથી ટ્રકમાં સીંગદાણા ભરી માલ નહી પહોંચાડી છેતરપીંડી કરી

(ક્રાઈમ રીપોર્ટર)

કેશોદ તા.૨૮

કેશોદના સોંદરડા જીઆઈડીસી માંથી સીંગદાણાનો ટ્રકમાં માલ ભરીનો મુંદ્રા ખાતે નહી પહોંચાડી છેતરપીંડી કર્યાની ફરીયાદ કેશોદ પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે કેશોદ પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ફરીયાદી સુરેશભાઈ પરસોતમભાઈ સાવલીયાએ ટ્રક ડ્રાઈવર સંદીપભાઈ ઉર્ફે ભાણો મો.નં.૯૯૭૮૬ ૨૩૪૦૭ વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ કે, ફરીયાદી અલગ અલગ ખેડૂતો અને વેપારીઓ પાસેથી સીંગદાણા અને મગફળીની ખરીદી કરી નફો મળે ત્યારે વેચવા અંગેનું કામ કરતા હોય અને ભગવતી નામે કારખાનું ધરાવતા હોય, ફરીયાદીએ ચેન્નઈની જેએસપી પ્રાઈવેટ લીમીટેડ કંપનીમાં ૨૫ ટન સીંગદાણા કિ.રૂા. ૨૫,૪૬,૨૫૦ આરોપીના ટ્રકમાં ભરાવી મુંદ્રા ખાતે મોકલેલ હોય, જે આરોપીએ મુંદ્રા ખાતે નહી પહોંચાડી છેતરપીંડી કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ ખાતે બલિદાન દિવસ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

શીખ ધર્મના દસમા ગુરૂ ગોવિંદસિંહજીના વીરપુત્રો બાબા જોરાવરસિંહજી અને બાબા ફતેહસિંહજીની ધર્મની રક્ષા માટે શહાદતને યાદ કરવાનો દિવસ અને આ દિવસને આપણે "વીર બાલ દિવસ" તરીકે યાદ કરીએ છીએ જૂનાગઢ મહાનગર ખાતે ગુરૂનાનક શાહી ગુરૂદ્વારા અંબિકા નગર ખાતે વીર બાલ દિવસ નિમિત્તે શબ્દ કીર્તન યોજાયો હતો ગોવિંદસિંહજીના જીવન ચરિત્ર તથા તેમના પુત્રોનાં બલિદાન વિશે માહિતી આપવામાં આવેલ હતી. આ તકે ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર પ્રમુખ પુનીતભાઈ શર્મા મહામંત્રી મનનભાઈ અભાણી, કોર્પોરેટર આરતીબેન જોષી, પલ્લવીબેન ઠાકર, યુવા મોરચાના પ્રમુખ વિનસભાઈ હદવાણી, લખનભાઈ કોટક ધર્મેન્દ્રભાઈ નંદવાણી, મહિલા મોરચાના હિરલબેન કોરીયા, આકાશ દવે, કેતન નાંઢા, યોગેશ જેઠવા, પ્રિન્સ હુણ, વિજય વાઢેર તથા કાર્યકરો ઉપસ્થિતિ રહ્યા હતા.

# જૂનાગઢ તાલુકાના ડેરવાણ ગામની સીમમાં રેલ્વે ટ્રેક ઉપર પડતું મુકી વૃધ્ધાનો આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

કેશોદ તા.૨૮

જૂનાગઢ તાલુકાના ડેરવાણ ગામની સીમમાં ટ્રેન નં-૦૯૫૬૬ નીચે રેલ્વે પાટા ઉપર પોતાનું શરીર પડતું મુકી અને એક વૃધ્ધાએ આપઘાત કર્યો હોવાનો બનાવ બનવા પામતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે કેશોદ પોલીસે આપેલી વિગત અનુસાર, વંથલી તાલુકાના લુસાળા ગામના વિનીતાબેન ઉર્ફે વનીબેન નાજાભાઈ બાકોત્રા (ઉ.વ.૫૦) ને છેલ્લા ૧૮ વર્ષથી માનસિક બિમારી હોય જેની દવા પણ ચાલું હોય જે બિમારીના કારણે કંટાળી જઈ પોતે પોતાના ઘરેથી નીકળી જઈ ડેરવાણ ગામની સીમમાં ટ્રેન નંબર-૦૯૫૬૬ની નીચે રેલ્વે પાટા ઉપર પોતાનું શરીર પડતું મુકી અને આ આપઘાત કરેલ છે. વૃધ્ધાએ ટ્રેન હેઠળ પડતું મુકી અને આપઘાત કર્યાની અંગે જાણ કેશોદ પોલીસને થતા કેશોદ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભાળિયા સેવાભાવી એડવોકેટ દ્વારા યોજાયેલા રક્તદાન કેમ્પમાં નોંધપાત્ર માત્રામાં રક્ત એકત્ર થયું



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૮

ખંભાળિયાના આહીર યુવા કાર્યકર તથા જાણીતા એડવોકેટ સંજયભાઈ આંબલીયાના માતુશ્રી પાબીબેન વેજાણંદભાઈ આંબલીયાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સદગતની શ્રદ્ધાંજલિ આપવાના આશયથી અત્રે રાજપૂત સમાજની વાડી ખાતે મહા રક્તદાન કેમ્પ તથા જનરલ હોસ્પિટલમાં દર્દીઓ અને જરૂરિયાતમંદ લોકોને ફૂડ પેકેટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ રક્તદાન કેમ્પમાં ૧૩૧ બોટલ રક્ત એકત્ર થયું હતું. જેમાં તમામ રક્તદાતાઓને આકર્ષક સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી.


એડવોકેટ સંજયભાઈના આ સેવાયજ્ઞમાં પુર્વ સાસંદ વિક્રમભાઈ માડમ, પૂર્વ મંત્રી ડો. રણમલભાઈ વારોતરીયા, કિસાન કોંગ્રેસ સેલના ચેરમેન પાલભાઈ આંબલીયા, મામલતદાર વિક્રમ વરુ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, નાયબ મામલતદાર સાથે અહીંના ડોક્ટરો તથા વકીલો, જુદા જુદા ગામના સરપંચ ઉપરાંત પ્રસિદ્ધ ભજનિક પરષોત્તમપરી બાપુની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

આ સેવા પ્રવૃત્તિ શહેરમાં આવકારદાયક બની રહી હતી.

યાત્રાધામ દ્વારકામાં યોજાયેલ મહારાસ દરમ્યાન મહિલાના ખોવાયેલ

# સોનાના દાગીના ભરેલ પર્સ તથા બેગને ગણતરીના સમયમાં શોધી કાઢી પરત કરતી દ્વારકા પોલીસ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૮


યાત્રાધામ દ્વારકામાં તાજેતરમાં યોજાયેલ આહીર મહારાસ આવેલ મહિલા પ્રવિણાબેન રાજેશભાઈ નંદાણીયા રે.ઉપલેટા વાળા કાનદાસબાપુ આશ્રમ પાસે અજાણી રીક્ષામાં એક બેગ ભૂલી ગયેલ જેમાં આશરે ચાર થી પાંચ તોલા સોનાના દાગીના તથા જરૂરી ચીજવસ્તુઓ હતી જે ખોવાયેલ બેગ અંગે દ્વારકા પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પી.આઈ.પટેલ તથા પીએસઆઈ બારસીયા, પીએસઆઈ આર.એચ.સુવાના માર્ગદર્શન હેઠળ હે.કો આઈ.જે. જાડેજા, પો.કો હરપાલસિંહ જાડેજા તથા હિતેન્દ્રસિંહ જાડેજાએ સીસીટીવી ફૂટેજ તથા અંગત બાતમીદારોની મદદથી રીક્ષાચાલક જે ખંભાળિયા રહેતો હોય ખંભાળિયા જઈ તેનો સંપર્ક કરી તેની રીક્ષામાં દ્વારકામાં ગુમ થયેલ મહિલાના બેગ યથાસ્થિમાં પરત મેળવી સોનાના દાગીના સહિતની બેગ મુળ માલીક પ્રવિણાબેનને પરત કરેલ. દ્વારકા પોલીસ ગણતરીના સમયમાં મહિલાની ગુમ થયેલ વસ્તુઓ પરત મેળવી આપેલ.

### અવસાન નોંધ

જૂનાગઢ : મંગવાપાળ અમરેલીના રહેવાસી સ્વ. શીતલબેન સંજયભાઈ પંડીયા જે જૂનાગઢ નિવાસી શાંતિલાલ ભાઈના પુત્રી તથા સંજયભાઈ, વિજયભાઈ, ગીરીશભાઈ, બીપીનભાઈ, ધર્મેશભાઈ, વિપુલભાઈ, હીરેનભાઈ તથા યશભાઈ જોષીના બેનનું તા.૨૬-૧૨-૨૦૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેમનું બેસણું તા.૨૯-૧૨-૨૦૨૩ શુક્રવારના રોજ આદિત્ય નગર-૧, નંદનવન મેઈન રોડ, જોષીપરા, ખાતેના નિવાસ સ્થાને સાંજનાં ૪ થી ૬ રાખેલ છે.

# ઉનામાં વૃધ્ધ મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ કરતા માતા-પુત્રીને ઝડપી લેતી ક્રાઈમ બ્રાન્ચ






(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૮

ઊના શહેર માં ગત તારીખ ૨૫/૧૨ના રોજ સવારે ઉનામાં પારસ સોસાયટી ની પાછળ આવેલ પંચવટી સોસાયટી માં રહેતા લાખી બેન પુના ભાઈ મૈયા ઉ.વ.૬૦ સવારે શાક માર્કેટ સામે આવેલ મીઠાઈ ની દુકાને મીઠાઈ લેવા ગયેલ હતા તેમની પાછળ બે અજાણી મહિલા એ ચાલાકી પૂર્વક વૃધ્ધ મહિલા એ ગળા મા પહેરેલ સોનાનો ચેન ત્રણ તોલાનો રૂપિયા ૧લાખ ૪૦હજાર નો ચીલ ઝડપ કરી નાસી ગઈ હતી અને મીઠાઈ ની દુકાને રાખેલ સી.સી. ટીવી કેમેરા માં જોતા કોર્ટ પહેરેલ એક મહિલા જોવા મળેલ હતી અને ઊના પોલીસ મા ફરિયાદ દાખલ કરતાં વધુ તપાસ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ના પોલીસ ઈન્સ્પેકટર એસ. એમ ઈશરાણી પી.એસ.આઈ.વી.કે. ઝાલા અને સ્ટાફે તપાસ કરતા તલાલ ગીર ગામે શાક માર્કેટ પાસે બે મહિલા ને મોટર કાર નંબર GJ 03N B 6810સાથે રાજકોટ મા ગુંદાવાડી ગોવિંદ પરા શેરી નં ૧માં રહેતી નિકિતાબેન અલ્પેશ ભાઈ સાવલિયા ઉ.વ. ૪૧અને તેની દીકરી વૈશાલી બેન અલ્પેશ ભાઈ સાવલિયા ઉ.વ. ૨૧ને પકડી પાડતાં તેમને ચીલ ઝડપ કર્યાનું બહાર આવતા તેમની પાસે થી આશરે ૬૩, ગ્રામ નો સોના નો ઢાળીઓ કિંમત રૂ,૩,૧૨, હજાર મોટર કાર રૂપિયા ૧૦લાખ એક મોબાઈલ ફોન મળી કુલ ૧૩,૧૭, ૫૦૦નો મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. આ મહિલા અને દિકરી દીવ ફરવા આવેલ હતા અને ઊના માં હાથ અજમવતા ગયા હતા.આ નિકિતા બેન સાવલિયા ઉપર અગાઉ રાજકોટ ડિવિઝન પોલીસે સ્ટેશન હેઠળ ચોરી જુગાર, દારૂબંધી ના કુલ છ ગુના દાખલ થયેલ છે અને આ મહિલા ભીડ ભાડ વાળી જગ્યા અને શાક માર્કેટ વિસ્તાર મા કીમિયો અજમાવે છે. પોલીસે આ મહિલા પાસે વધુ માહિતી મેળવી રહી છે.

પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન
એપ્રોચ રોડ પૂરો પાડવો
નં. W/118/NIT/E-Tender/2023-24/WA/32 તારીખ : 21/12/2023; ડિવિઝનલ રેલવે મેનેજર (વર્કસ) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આમંત્રે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે : અનુ. નં. (1) ઈ-ટેન્ડર નં. 140/2023-24; કામનું નામ: DEN/W અધિકારક્ષેત્ર: કાનાલુસ - પોરબંદર સેક્શન- કિ.મી. 953/5-6 પર (LC No 74) પાસે LHS નં 118 ખાતે એપ્રોચ રોડ પૂરો પાડવો; ટેન્ડર મૂલ્ય : ₹ 79,82,510.45; ઈએમડી: ₹ 1,59,700.00; બિડીંગ શરૂઆતની તારીખ: તા. 28/12/2023; બિડીંગ બંધ થવાની તારીખ: તા. 12/01/2024; ઈ-ટેન્ડર વેબસાઈટ: www.ireps.gov.in પર તા. 21/12/2023ના રોજ અપલોડ કરેલ છે.
અમને લાઈક કરો: facebook.com/WesternRly

# જૂનાગઢમાં ૧૩.૮ અને ગિરનાર પર્વત ઉપર ૮.૮ તાપમાન સાથે ઠંડીનું મોજું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત અને દેશભરમાં હાલ કાતિલ ઠંડીનો દોર ચાલી રહ્યો છે ત્યારે જનજીવન પ્રભાવિત બન્યું છે. જૂનાગઢ અને ગિરનાર ક્ષેત્રમાં પણ ઠંડીની તીવ્રતા વધી રહી છે. હવામાન વિભાગએ આપેલી માહિતી અનુસાર આજે જૂનાગઢ શહેરનું મહતમ તાપમાન ૧૫.૬ ડિગ્રી, લઘુતમ તાપમાન ૧૩.૮ ડિગ્રી, ભેજ ૮૩ ટકા અને પવનની ગતી ૪.૬ રહી છે. આમ સોરઠ પંથકમાં ઠંડીનું તીવ્ર મોજુ પ્રસરી ગયું છે. જૂનાગઢ સહિત સોરઠમાં ગઈકાલે બુધવારે ઠંડીનો ચમકારો રહ્યો હતો. ગિરનાર પર્વત ઉપર તાપમાન ઘટીને ૭.૫ ડિગ્રી નોંધાતા તીવ્ર ઠંડી અનુભવાઈ હતી. આવતીકાલ ૨૯થી ૩૦ ડિસેમ્બરે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર શરૂ થવાની છે. જે પહેલા તાપમાનમાં ઘટાડો શરૂ થયો છે. છેલ્લા બે દિવસ દરમ્યાન લઘુતમ તાપમાનમાં ૧.૪ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. સોમવારે ૧૩.૯ ડિગ્રી, મંગળવારે લઘુતમ તાપમાન ૧૩.૬ ડિગ્રી નોંધાયા બાદ પારો વધુ નીચે ઉતરીને ૧૨.૫ ડિગ્રી સ્થિર થયો હતો. જેના પરિણામે સમગ્ર જૂનાગઢ અને સોરઠ પ્રદેશમાં ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું. જ્યારે ગિરનાર પર્વત ઉપર ૭.૫ ડિગ્રી કાતિલ ઠંડી રહી હતી. ઠંડીની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા રહેતા બુધવારે પણ ધુમ્મસ છવાઈ ગયું હતું.

જેના કારણે ઠંડી વધુ કાતિલ બની હતી. દરમ્યાન બુધવારે મંગળવારની સરખામણીએ મહતમ તાપમાન ૨ ડિગ્રી ઘટીને ૩૦.૪ ડિગ્રી નોંધાયું હતું અને વાતાવરણમાં ભેજ પણ ઘટીને ૩૨ ટકા થઈ જવાની સાથે પવનની પ્રતિ કિલોમીટરની ઝડપ ૨.૮ કિલોમીટરની રહેતા આખો દિવસ ટાઢોડું રહ્યું હતું. હજુ આગામી દિવસોમાં પણ ઠંડી વધવાની સંભાવના જોવાઈ રહી છે.

# જૂનાગઢ શહેરમાં થર્ટી ફર્સ્ટને ધ્યાને લઈ પોલીસ દ્વારા કડક કાર્યવાહી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

આગામી તા.૩૧ ડિસેમ્બર એટલે થર્ટી ફર્સ્ટની ઉજવણીનો માહોલ સર્વત્ર જોવા મળી રહ્યો છે ત્યારે આ દિવસો દરમ્યાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેમજ અસામાજીક પ્રવૃતિઓ કરનારાઓ સામે જૂનાગઢ પોલીસ તંત્રએ ઘોસ બોલાવી છે અને ઠેરઠેર કડક ચેકિંગ હાથ ધરવામાં આવેલ છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના અને માર્ગદર્શન હેઠળ સંઘન ચેકિંગ ઝુંબેશ અને પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે તેમજ અસામાજીક તત્વો સામે કડક પગલા સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, થર્ટી ફર્સ્ટને ધ્યાને રાખી સમગ્ર જૂનાગઢ શહેર તેમજ જિલ્લામાં પોલીસ એકશનમાં આવી ટ્રાફિક-પ્રોહી ડ્રાઈવનું આયોજન કર્યું છે. જેમાં સઘન વાહન ચેકીંગ પોલીસની વિવિધ ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. છેલ્લા ૩ દિવસમાં ટ્રાફિકનો ભંગ કરનાર કુલ ૬૭૪ તથા પ્રોહીબિશનના ૧૦૦ ઈસમ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. આગામી થર્ટી ફર્સ્ટ નવા વર્ષને લઈને એસપી હર્ષદ મહેતાની સૂચનાથી વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ડીવાયએસપી હિતેશ ધાંધલીયના માર્ગદર્શનમાં



શહેરના એ, બી, સી, ભવનાથ અને તાલુકા પોલીસ સ્ટેશનની ૨-૨ ટીમ દ્વારા પીધેલાઓને પકડવા ઉપરાંત વાહનમાં બ્લેક ફિલ્મ, હથિયાર સાથે નીકળતા તત્વોને ઝડપી લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ જ પ્રમાણે કેશોદ ડિવિઝનનાં બી. સી. ઠકકર, ડી. વી. કોડિયાતરના માર્ગદર્શનમાં પણ કવાયત શરૂ કરવામાં આવી છે. ડ્રાઈવમાં નંબર પ્લેટ વગરના વાહનો સહિતના કુલ ૬૭૪ ઈસમો સામે કાર્યવાહી કરી ૧.૩૮ લાખ તેમજ દારૂના ૧૦૦ શખ્સો સામે કાર્યવાહી કરી ૯૮,૦૬૪નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

# જૂનાગઢમાંથી શહેરમાં પડતર જગ્યામાંથી ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની ૩૭૨ બોટલ ઝડપાઈ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ શહેરમાં એ ડીવીઝન પોલીસ દ્વારા ચોક્કસ બાતમીના આધારે એક પડતર જગ્યામાં દરોડો પાડી અને ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની નાની-મોટી ૩૭૨ બોટલો રૂા.૯૧,૨૦૦ના મુદ્દામાલ ઝડપી લેવામાં આવેલ છે. આ દરોડા દરમ્યાન હાજર નહી મળી આવેલ જયેશ ઉર્ફે ઈલુ અશોક ગાંગડીયા વિરૂધ્ધ પ્રોહિબિશન અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેષ જાજડીયા તથા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા દ્વારા આગામી દિવસોમાં થર્ટી ફસ્ટ આવતી હોય જે સબબ પ્રોહી.જુગારની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર ધોંસ બોલાવી દબોચી લઈ ગે.કા. પ્રવૃતિને સંપૂર્ણપણે ડામી દેવા પ્રોહી.જુગાર ડ્રાઈવનું આયોજન કરેલ હોય અને સુચનાઓ કરેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ તથા પ્રો.પો.ઈન્સ. વી.જે. સાવજએ મૌખીક સુચના અને માર્ગદર્શનનાં આધારે જૂનાગઢ એ ડીવી. પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી/જુગારની પ્રવૃતી કરતા ઈસમો ઉપર ખાસ વોચ રાખી કડક હાથે કામ લેવા સુચના આપેલ હોય જે અનુસંધાને એ ડીવી. પો.સ્ટે.ના ગુન્હા નિવારણ યુનીટના પો.સબ.ઈન્સ ઓ.આઈ. સીદી તથા પો.સ્ટાફના માણસો એ ડીવી. પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.હેડ.કોંન્સ સુરેશભાઈ રામભાઈ તથા પો.કોન્સ અજયસીહ મહીપતસીહનાઓને સંયુક્તમાં બાતમી હકિકત મળેલ કે, જૂનાગઢ ફુલીયા હનુમાન રોડ ઉપર આશ્રમ નામથી ઓળખાતી પડતર જગ્યામાં ફુલીયા હનુમાન સામે રહેતો પ્રોહી.લીસ્ટેડ બુટલેગર જયેશ ઉર્ફે ઈલુ અશોકભાઈ ગાંગડીયાએ વિદેશી દારૂનો જથ્થો રાખેલ હોય અને આ દારૂનો જથ્થો ત્યાં પડેલ હોય જે હકીકતના આધારે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા મુદામાલ મળી આવતા કબ્જે કરી હાજર નહિ મળી આવનાર પ્રોહી. લીસ્ટેડ જયેશ ઉર્ફે ઈલુ અશોકભાઈ ગાંગડીયા રહે- જૂનાગઢ ફુલીયા હનુમાન સામે વિરૂધ્ધ પ્રોહીબીશન ધારા હેઠળ ગુન્હો દાખલ કરાવેલ છે. આ કામગીરી એ ડીવી.પો.સ્ટે.ના પ્રો.પો.ઈન્સ. વી.જે. સાવજની સુચના મુજબ ગુન્હા નિવારણ યુનીટના પો.સબ.ઈન્સ. ઓ.આઈ. સીદી તથા પો.હેડ. કોન્સ એસ.આર. ગરચર તથા કે.કે.રાઠોડ તથા ભરતભાઈ વીરાભાઈ તથા પો.કોન્સ. કલ્પેશભાઈ ગેલાભાઈ તથા ભરતભાઈ ભીખુભાઈ તથા રામભાઈ રૂડાભાઈ તથા અજયસિંહ મહિપતસિંહ તથા ભુપતસિંહ ડોલરસિંહ એ રીતેના પોલીસ સ્ટાફનાઓએ સાથે રહી કામગીરી કરેલ છે.

# ભવનાથ વિસ્તારમાં ઢીકાપાટુનો માર માર્યો : ત્રણ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢના ભવનાથ વિસ્તારમાં ગિરનાર અન્નક્ષેત્ર પાસે બનેલા એક બનાવમાં ઢીકાપાટુનો માર મારવાનાં બનેલા બનાવ અંગે ત્રણ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે ભવનાથ પોલીસે આપેલી વિગત અનુસાર શિવગીરી ગુરૂ શ્રી દિગંબર જયદેવગીરી (ઉ.વ.૫૦) (રહે.શિવદત આશ્રમ, સુદર્શન તળાવની પાળ પાસે, ભવનાથ તળેટી વાળા)એ બે અજાણ્યા માણસો તથા ગજાનંદબાપુ રહે. ભવનાથ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી પોતાનો ઘોડો લઈ ભવનાથ વિસ્તારમાં ફરતા હતા તે દરમ્યાન ભવનાથ મચ્છુકડીયા સુથાર જ્ઞાતીની વાડી પાસે ફરિયાદી પહોંચતા બે અજાણ્યા માણસો તથા હાથમાં તલવાર લઈને આવેલ ગજાનંદબાપુએ ફરિયાદીને આડેધડ ઢીકાપાટુનો માર મારી તથા બેફામ ગાળો કાઢી એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા ભવનાથ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માંગરોળ તાલુકા નોકરીયાત શરાફી સહકારી મંડળીના તત્કાલીન શાખા મેનેજર સામે ઉચાપતની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

માળીયા હાટીના તા.૨૮

માળીયા હાટીના રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ માંગરોળ તાલુકા નોકરીયાત શરાફી સહકારી મંડળી માળીયા હાટીનાના તત્કાલીન શાખા મેનેજર સામે ૬૦,૭૭૦ની ઉચાપત કર્યાની ફરીયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.

આ બનાવ અંગે માળીયા હાટીના પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ માળીયા હાટીના પોલીસ સ્ટેશને ફરીયાદી મહેન્દ્રભાઈ રણમલભાઈ નંદાણીયા રહે.માંગરોળ વાળાએ ફરીયાદમાં આરોપી તરીકે રમેશભાઈ હમીરભાઈ વેગડા (ઉ.વ.૫૫)વાળાનું નામ આપી ફરીયાદમાં જણાવેલ કે, આરોપી માંગરોળ તાલુકા નોકરીયાત શરાફી સહકારી મંડળીના માળીયા હાટીના શાખાના મેનેજર તરીકે રહેલ હોય દરમ્યાન વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૨૦ દરમ્યાન મંડળીના અલગ અલગ કર્મચારીઓના રૂા.૬૦૭૦૦ની ઉચાપન કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પંચહાટડી ચોક માંગનાથ રોડમાં ૧૪૦૦ સ્કવેર ફુટ જગ્યા વેંચવાની છે
પંચહાટડી ચોક-માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શો રૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કવેર ફુટ વેંચવાની છે
: કોન્ટેક :
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો





ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો સબબ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩


દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
‘‘સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે’’
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આપની ચિરંતન વિરાસત
સતત ઘડી રહી છે અમારું ભાવિ


ધીરુભાઈ હીરાચંદ અંબાણી
ફાઉન્ડર ચેરમેન – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
ડિસેમ્બર ૨૮, ૧૯૩૨ – શાશ્વતી
આજે પણ આપ બની રહ્યા છો કરોડો ભારતીયોના પ્રેરણાસ્ત્રોત.
આપનાં જ નકશેકદમ પર ચાલીને અમે કરી રહ્યા છીએ
બહેતર સમાવેશ, બહેતર જોડાણો અને સહિયારી સમૃદ્ધિની દિશામાં આગેકૂચ.
Reliance Industries Limited
Growth is Life
Jio
www.ril.com